યુવાન નવ સૃષ્ટિનો સરજનહાર છે.

પ્રવચનની મિમાંસા. Reg. No. B. 2616

# મુંબઇ જૈન યુવક સંઘ પત્રિકા.

અંક ૩ જો. | સંવત ૧૯૮૫ ના ભાદરવા શુદ ૧૧ શનીવાર તા. ૧૪-૯-૨૯ | લવાજમ છુટક નકલ અડધો આનો.

## હવે તો ચેતો?

મનુષ્ય જાતની ઉન્નતિને ધર્મ ઝનુનથી કેટલું બધું નુકસાન થયું છે તેની સાક્ષી દુનીયાનો ઇતિહાસ પુરી રહ્યો છે. ધર્મના મૂળમાં હમેશાં સામાજીક સંગઠન અને ઉન્નતિની ભાવના રહેલી હોવી જોઇએ, જે ઉપદેશમાં આવી પ્રગતિ મૂલક ભાવનાઓ ન હોય તેને ધર્મ નાજ કહી શકાય છતાં ધર્મના નામે શાસ્ત્રોપદેશના ઇજારદારોએ અને તેઓના અનુયાયીઓએ શું શું નથી કર્યું? અનેક વિર... પ્રતિપક્ષીઓને ઘાતકી રીતીએ રિબાવ્યા અને માર્યા, સમાજમાં તડાએ... પોતાની સત્તા ફેલાવવા સમાજમાં અનેક ખોટી માન્યતાઓ... ખટપટો કરી અને પોતાના સ્વાર્થો સાધવા અંધશ્રદ્ધાની જમાવટ... સમા... અસ્ખલિત ચાલતા પ્રગતિ પ્રવાહને અટકાવી મલીન કર્યો. જૈનોના ઇતિહાસમાં આમાંની કેટલીએ ઘટનાઓ બની હોય તો તેમાં કંઇ અસ્વભાવિકતા કે અસંભવિતપણું નથી. ઐતિહાસિક દ્રષ્ટિએ તપાસતાં માલમ પડશે કે અનેક પૂર્વાચાર્યોએ ધર્મના નામે ઉત્તરોત્તર નવા નવા સંપ્રદાયો, ગચ્છો, સંઘાડાઓ વિ. જુદા જુદા વિભાગો પાડી મહાવીરની અવિભક્ત જૈન સમાજની ભાવનાને નષ્ટ કરી આજે સમાજને છિન્નભિન્ન સ્થીતિમાં મૂકી દીધો છે. અને એજ છિન્નભિન્ન અવસ્થામાં અનેક યુક્તિઓથી ધર્મ ગુરૂઓએ અંધશ્રદ્ધાળુ અને અજ્ઞાન સમાજ ઉપર એવું તો સામ્રાજ્ય જમાવી દીધું છે કે તેમના સ્વાર્થી અને સંકુચિત ઉપદેશથી સમાજની સર્વદેશીય પ્રગતિનું નિર્દય અને નિરાશાજનક રૂંધન થઇ રહ્યું છે. અને તેમાંથી છુટવાને સમાજ આજે પોકારી રહ્યો છે, ને મૂંગે મોઢે પ્રાર્થના કરી રહ્યો છે કે હે પ્રભુ, આવા ધર્મ ગુરૂઓથી અમને બચાવો. આવી સ્થીતિ વધુ વખત ચાલશે તો જૈન સમાજમાં ધર્મ સત્તા ધારીઓ સામે ખુલ્લા બળવા સિવાય બીજો કોઇ રસ્તો દેખાતો નથી, બધા દેશોના ધર્મ સમાજોમાં આ પ્રમાણે થતું આવ્યું છે. ક્યારનીયે પોપની પોપશાહી પાતાળમાં પેસી ગઇ, અને તુર્કીમાં ખલીફાત પણ રહી નથી. એજ સામાજીક પ્રવાહના કુદરતી નિયમ પ્રમાણે આપણે ત્યાં પણ એ પુનરાવૃતિ થાય તો જરાપણ નવાઇ જેવું નથી.

આટલા ઉપરથી આપણો પુજ્ય સાધુવર્ગ જરૂર ચેતવણી લેશે અને પોતાની મનોવૃતિ તેમજ પ્રવૃત્તિ બદલશે. પ્રબુદ્ધ જૈન યુવક આશા રાખે છે કે આ જૈનના જાગ્રતિ યુગમાં જઇને સાધુઓ પોતાની સાંપ્રદાયિક સંકુચિતતા અને ખંડનાત્મક પ્રવૃત્તિઓ છોડી, વિશાળ સમાજના ઉત્થાન અર્થે રચનાત્મક કાર્યક્રમ યે જી, અમલમાં મૂકવા આદર્શ ચારિત્ર્ય સહિત નેતૃત્વ લેશે, તેમનો અભ્યાસ, તેમનું તત્વજ્ઞાન, તેમની સાહિત્ય સેવા જગતના જ્ઞાન ભંડોળમાં અનેક પ્રકારે વૃદ્ધિ કરી સાચા ધર્મની અને દેશની કીર્તિ આખી દુનીયામાં ફેલાવશે, અને પોતાની નિષ્કાળ સમાજ અને રાષ્ટ્ર સેવાથી પ્રજામાં નવું ચેતન અને જીવન રેડશે.

---

### શ્રી મુંબઈ જૈન યુવક સંઘની સામાન્ય સભા.

ઉક્ત સંઘની સામાન્ય સભા રવિવાર તા. ૧૫-૯-૨૯ ના રોજ રાત્રીના આઠ વાગે (સ્ટા. ટા.) શ્રી મુંબઈ માંગરોળ જૈન સભાના હોલમાં "ચાલુ પરિસ્થિતિ ઉપર ચર્ચા ... મળશે." તે ...ક સંઘના ... પધારવા ... આવે

# આ તે જૈન પ્રવચન કે મનગમતો વાણી વિલાસ?

દર રવીવારે પ્રગટ થતાં "જૈન પ્રવચન" નામના અઠ-વાડીકમાં મુનિ રામવિજયના વ્યાખ્યાનોનો સાર સંગ્રહ કર્યાનુ કહેવામાં આવે છે, છતાં જો એ લખાણ પક્ષપાતની દ્રષ્ટિ ત્યાગીને વાંચવામાં આવે તો એમાં જૈન પ્રવચનના નામે પોતીકા માન્યતાઓનો ભારોભાર સંભાર અને કેટલેક સ્થળે મનગમતી ટીકાઓ સિવાય ભાગ્યેજ અન્ય કંઇ દ્રષ્ટિ ગોચર થાય છે. ઘડીભર અભ્યાસી હ્રદયને એમ પણ થઇ આવે કે—આ તે તત્વપૂર્ણ વ્યાખ્યાન કે આમ તેમથી એકઠી કરેલી બાબતોનો અપૂર્ણ અવતાર કિંવા સંગ્રહ?

અંક પાંચમા "આચાર ઉંચો મૂકી નેઉપકાર થઇ શકે?" એ મથાળું લઇએ તેમાં લખ્યું છે કે "શ્રી હેમચંદ્રાચાર્ય કોણ? કુમારપાળ રાજાની રાજ ખટપટ કરનાર? રાજ વહી-વટ ચલાવનાર? આવા મહાત્મા ઉપર એ આરોપ મુકનાર એ શ્રી હેમચંદ્ર જેવા સુરિપુરંદરની આશાતના કરે છે. હેમચંદ્ર સુરિએ ' ' સિવાય કશું કર્યું નથી. × × × × × લોકો [illegible] છુપાવવા આવા મહર્ષિઓ ઉપર કલંક મુકે છે. [illegible] બીજા કોણ?"

[illegible] રે પ્રથમના પ્રશ્નો પુછનારનો કે એની ટીકા કરનારનો ઉલ્લેખ સરખો કર્યો નથી, એટલે એ આરોપો પોતાના ફળદ્રુપ ભેજામાંથી ઉપજાવેલા છે એમ માનવુંજ પડે. કોઇપણ જૈન લેખકે કે વ્યાખ્યાતાએ કલિકાળ સર્વજ્ઞ બિરૂદ-ધારી શ્રી હેમચંદ્રસૂરિને રાજ્ય ખટપટ કરનાર વર્ણવ્યા હોય એવું જાણમાં નથી. ઇતિહાસના અનુભવી અને શાસ્ત્રજ્ઞો તેઓ શ્રીને એક મહાન પ્રભાવિક મહાત્મા તરિકે આજે પણ પૂજે છે, તેમની અપૂર્વ કૃતિઓ નિરખી આજે પણ શીર નમાવે છે.

પણ શ્રીમદ્ હેમચંદ્રજી એટલે પડદા પાછળ રહી ખટપટની જાળ બીછાવનાર સૂરી કે ગમે તેમ છળકીને નચાવી, પ્રવચનને નામે ભાષા સમિતિની મર્યાદાનું જાણીને ઉલંઘન કરનાર કિંવા 'જૈનોના ઘેરપણ દારૂના શીશા અને, ઇંડા ચટણીની જેમ ખવાય છે' જેવા સારાયે જૈન ધર્મનું અને આખીયે જૈન સમાજનું ભયંકર અપમાન કરી જૈન લાગણીને દુભવનાર વચનો ઉચ્ચારનારા સાધુ બાવા તો નહિજ. શ્રી હેમસૂરિ એટલે જૈન શાસનમાં થયેલા મહાન પુરૂષો, મહાન્ સંતો, એમાંના એક પૂર્વાત્ય અને પાશ્ચિમાત્ય જેઓની મુક્ત કંઠે પ્રશંસા કરે છે એવા તે અદ્વિતીય. આજની અયોગ્ય દિક્ષા પ્રવૃત્તિના અગ્રણી કુમળા વયના, જેને ત્યાગ કે પ્રવજ્યા શું ચીજ છે એનું ભાન સરખું પણ નથી હોતું તેવાને ચોરી છુપીથી મૂંડી નાખી આ મહા પુરૂષની સરખામણીમાં જે પોતાને મૂકવા લલચાય છે, એ કેવા અંધારામાં બાચકા ભરે છે, અથવા તો આ પુજ્ય વ્યક્તિના નામે કેવી પ્રતારણા પ્રસરાવે છે તેનો સમજુવર્ગને એટલા ઉપરથી ખ્યાલ આવી જશે કે આ પ્રભાવિક સુરિજીએ સાડા ત્રણ ક્રોડ જેટલા શ્લોકની નવીન રચના કરી, જૈન સાહિત્યમાં અપુર્વ નામ નોંધાવ્યું છે. તેઓ-શ્રીએ એકપણ વિષય એવો અછુટપર્શ નથી રહેવા દીધો કે જે પર તેમની ચમત્કારીક લેખિનીની ગતિ ન થઇ હોય! આશ્ચર્યતાની અવધિ તો એથી થાય છે કે તેઓશ્રીએ જે જે લખ્યું છે એ આગમ દ્રષ્ટિ ધ્યાનમાં રાખીને પોતીકી સ્વતંત્ર વાણીમાં તદ્દન નવીન ભાવોને જન્મ આપતી ગીરામાં હ્રદય સ્પર્શી અસર ઉપજાવે તેવી શૈલીમાં લખાયેલું છે. ત્રિષષ્ઠિ શલાકા પુરૂષ ચરિત્ર, યોગ શાસ્ત્ર, હેમ શબ્દાનુશાસન, સિદ્ધહેમ વ્યાકરણ અર્હન્નીતિ આદિ કેટલીએ કૃતિઓમાં ઉક્ત કથનની પ્રતીતિ થાય છે તેઓ જેમ વિવિધ વિષય લખી જાણતા હતા તેમ તેમાં નિષ્ણાત પણ હતા. કેવળ ધર્મનો પોકાર કરી શ્રધ્ધાવર્ગને ઉતારી પાડનારા કે સંકુચિત મનોદશાવાળા અથવાતો 'કુપ મંડુકતા' ને પોષનારા પણ નજ હતા, સાધુ ધર્મરૂપી સ્વધ્યેયને જરાપણ ચુકયા વગર જૈન શાસનની તેમજ જૈન સમાજની ત્યારેજ તેઓ અવર્ણનીય પ્રભાવના કરી શકયા. તેમને મન સ્વાર્થ વગરની પ્રત્યેક પારમાર્થિક કારણી શ્રી મહાવીરના ધર્મનો વિજય વાવટો ફરકાવનારી હોઇ સ્વર્ગીય ફેરવવારૂપ હતી. શિયાળ વૃત્તિના લંધનોની તે મહાત્મા દરકાર પણ ન રાખતા આજની માફક પ્રવચનકાર અને બીજા કેટલાક ધર્મને નામે અને શાસ્ત્રના ઓથા નીચે જે મરજી મુજબ વહેવાર ચલાવી, ભાદિક આત્માઓને ભોળવી ફસાવે ને પગલે અપવાદ માર્ગને આગળ કરી, અન્યને ઉતારી પાડી શાસનની હેલના કરાવવારૂપ કાર્યો કરી રહ્યા છે તેમને માટે તો શ્રી હેમસુરિનું ઉદાહરણ દીવાદાંડીરૂપજે અપવાદ સેવવો પણ તેમને લાભકારક છે કે જેઓ એકાં છતાં શાસનના કીર્તિકળશને જરાસરખો પણ ડાઘ લાગ્યો નથી.

શ્રીમદ્ સોમ સુંદરસુરિજીના સહઅધ્યાયી અને 'કાળી સરસ્વતી' નામા બિરૂદ ધારી શિષ્ય (?) તેમજ ચૌદમા સૈકાના પ્રખર વિદ્વાન અને વિશિષ્ટ ગ્રંથના રચયિતા શ્રી મુનિ સુંદ-રસુરિજી પોતાના **ઉપદેશ રત્નાકર** ગ્રંથમાં શ્રી હેમસુરિનું જે પ્રકારે જીવન આલેખે છે એ વાંચતાંજ તેઓની અદ્ભુત શક્તિનું અલૌકિક વિજ્ઞાનું અને શાસન પ્રભાવના માટેની અમાપ ઓજસ્વિતાનું સહજ ભાન થાય તેમ છે.

એ લખાણ સામે આજની એકાદ અજ્ઞકર્ણ એમ કહે કે 'તેમને માત્ર ધર્મ કે પોતીકા [illegible] બ્હાર દ્રષ્ટિ સરખી પણ કરી નથી' તો એ **હસવુંજ છુટે કે બીજું** કંઇ!!

ઉદાયન મંત્રીને કહી, નવી રાજન કુમારપાળને અટકાવી તેમ નૃપ આગ્રહ કરે તોજ સ્વના[illegible] હેમસુરિની ભાવના કેવળ સ્વ શાસનોન્નતિના અવસર ભા[illegible] એકલી અટુલી ધાર્મિક દ્રષ્ટિ ઉત્થાનની છાંટ છંટાઇ હતી!

ભૂપ કુમારપાળે બીજે ભવિષ્ય કથનાર જ્ઞાની પુરૂષ ઉપકારથી મારૂં જીવન બચ્યું? શ્રી હેમચંદ્રસુરિ છે.

તરતજ કુમારપાળની રોમરાજી વિકસ્વર થઈ ગઈ. ભૂતકાળની સ્મૃતિ તાજી થઈ આવી. મંત્રીને બીજે દિવસે આચાર્યશ્રીને રાજસભામાં પધારવા માટે આમંત્રણ કરવાનું કહ્યું. જ્યારે અન્ય દિવસે એ મહાત્માના પુનિત પગલાં ત્યાં થયાં ત્યારે રાજવી કુમારપાળ આસન ઉપરથી ઉતરી સામે ગયો, હાથ જોડી બોલ્યો–ભગવાન્ પૂર્વે આપે શ્રી સ્થંભતીર્થમાં મારૂં રક્ષણ કર્યું હતું અને પુનઃ નવી રાણીને મહેલે જતાં અટકાવવા રૂપ રક્ષણ કરી બે વાર જીવતદાન દીધું છે. એનો બદલો વળી શકે તેમ નથીજ. આ રાજ્ય સ્વીકારી મને ઋણ મુક્ત કરશો. સૂરિ મહારાજે 'ત્યાગીને રાજ્ય ન ઘટે કહી,' 'પરોપકાર વૃત્તિ એજ અમારૂં જીવન કાર્ય' એમ સમજાવી જીવદયા રૂપ ધર્મનો બોધ કર્યો. તે દિનથી ભૂપાળના આગ્રહથી કેટલીયે વાર તેઓ રાજસભામાં ઉપદેશ સુણાવવા જતા. રાજન્ કુમારપાળ પણ અવારનવાર ઉપાશ્રયે આવતો. પ્રેમ માર્ગે ઇતરને સ્વધર્મે રસિક કરવાની રીતી તો એજનેઃ એક રાજા ધર્મ આગ્રહી બનેતો તેની છાપ સારી પ્રજા પર પડે. એટલેજ ધાર્મિકતાનો વિસ્તાર વધે. આ મહાપુરૂષોની વાતો કરનારા કેટલાક આજે ઉપાશ્રયનો સંકીર્ણ ખૂણો છોડી બોધિબીજ વિશ્વના વિશાળ આંગણામાં પગ મુકતાં કંઇ કંઇ દોષાપત્તિ જુવે છે, એ પણ સમજવી લીલા! દિન પ્રતિદિન કુમારપાળ જીનધર્મનો રાગી બનતો ચાલ્યો. ગુરૂ શ્રી પણ સમયાનુકુળ ઉપદેશવારિથી એને પ્રફુલ્લિત કરતા ચાલ્યા. એની સાથે સોમનાથ પટ્ટણ પણ ગયા. ત્યાં દેવબોધિની માયાજાળમાંથી ઉગારવા ઇંદ્રજાળ પણ દેખાડી, ચમત્કાર ત્યાં નમસ્કાર એ તો જગ ઉક્તિ છે. કુમારપાળ પણ હવે તો ગુરૂશ્રીનો દૃઢ ઉપાસક બન્યો હતો, જિન ધર્મનો ચુસ્ત સેવક થઇ ચુક્યો હતો.

એક વેળા ચોમાસામાં પાટણના સીમાડા બ્હાર ન જવાની પ્રતિજ્ઞા લીધી, એ તકનો લાભ લઇ ગીજનીનો સુલતાન ચઢી આવ્યો, ભૂપ તો ધર્મ સંકટમાં પડ્યો એ વાત મંત્રીદ્વારા જાણી ગુરૂજીએ નિશ્ચિંત રહેવાનું જણાવ્યું. મંત્ર શક્તિ દ્વારા રાતોરાત સુલતાનયુક્ત પલંગ મંગાવી ભૂપ સમક્ષ ખડો કર્યો, એણે તેનું બહુમાન કર્યું. ઉભય વચ્ચે મૈત્રી સંધાઇ, પોતાના દેશમાં ૭ માસ પર્યન્ત હિંસા અટકાવવાના શપથ લઇ તે પાછો ફર્યો.

આવોજ પ્રસંગ પુનઃ નવરાત્રીના દિવસોમાં બન્યો, ભોગ ન ધરાવ્યાથી કુળદેવી રીસે ભરાણી, એક રાત્રિના ભયંકર સ્વરૂપે પ્રત્યક્ષ થઇ રાજવીના દેહમાં ભરાઇ બેઠી. આખુયે શરીર કોઢવ્યાપ્ત કરી દીધું. કુમારપાળને દેહીના રોગની તો ચિંતા ન હતી, પણ શાસનની અપભ્રાજના થાય એ સાલતું હતું. એટલે તેણે બળીમ રવાનો નિશ્ચય કર્યો. પણ શ્રીહેમચંદ્રસૂરિ જેવા પ્રભાવિક ગુરૂના સેવક શીરે તે એવું સંકટ કેટલી ઘડી? તરતજ પોતે રાજમુદ્રા ધરી ગાદીએ બેઠા ને કુળદેવી કૃત પીડા પોતાપર વહોરી લીધી. ગુરૂ મહારાજે યોગ બળથી સોરાષ્ટ્રે દેવીના વ્યતીકરને નિષ્ફળ બનાવી દીધો. અમાપ વિદ્યાનિધાન ગુરૂ શ્રીથી દેવી હારીને સેવિકા બની રહી.

શ્રી હેમચંદ્રસૂરિએ પ્રસંગોપાત આવા આવા તો કેટલાએ ચમત્કારો કરી દેખાડ્યા છે, એમાં તેમનો અંગત સ્વાર્થ રંચ માત્ર ન હોવાથી દોષાપત્તિનો સંભવજ નહોતો. બાકીનું વરસ એટલી ઉપદેશ દેતાં તેઓ શ્રીએ અઢાર દેશના સ્વામી શ્રી કુમારપાળ નરેશનું ધ્યાન સ્વ સ્વ સ્વામીભાઈઓની ક્ષીણ દશા પ્રતિ દોર્યું હતું, અને ઉપદેશ દ્વારા સ્વામીભાઈના ઉદ્ધાર અર્થે કેટલુંએ દ્રવ્ય એ માર્ગે ખરચાવ્યું હતું, જે વાતની સાબિતી શ્રાવક કવિ ઋષભદાસ કૃત 'કુમારપાળ પ્રબંધ' માંથી મળી આવે છે. શાસનની પ્રભાવના શ્રી હેમસૂરિ સરખા મહાપુરૂષોથીજ ભૂતકાળમાં થઇ છે અને ભાવિમાં થવાની છે. સર્વ વિદ્યા વિશારદ માટે કંઇ અશક્ય નથી, પણ એની સાધના અર્થે નિષ્કલંક બ્રહ્મચર્ય અને અખૂટ સમતા સહ નિસ્વાર્થ વૃત્તિનો યોગ મળવો જોઇએ છે. **ધર્મની વિશાળ વ્યાખ્યામાં સમાજ ને રાષ્ટ્ર સેવા જરૂર સમાઇ જાય છે. ત્યાં ધર્મનો અર્થ એજ હોય છે કે માનવી પુરૂષાર્થ દાખવી સ્વપરનું જે માર્ગે કલ્યાણ કરી શકે તેજ ધર્મ.**

# સ્થળે સ્થળે યુવક મંડળો સ્થાપો.

કેટલોક વખત થયાં શ્રી મુંબઇ જૈન યુવક સંઘના મંત્રીઓ ઉપર, મજકુર સંઘના મેમ્બર થવા મા... કાઠીઆવાડની ઘણી જગ્યાએથી કાગળો આવ... તે ઉપરથી જાહેરમાં નીચે પ્રમાણે સુચના કરવાની જરૂ... તક લઇએ છીએ.

મુંબઈ જૈન યુવક સંઘના હાલના બંધારણ પ્રમાણે **બહારગામના રહેવાસીઓ** તેના સભ્યો બની શકતા નથી, અમારા ધારવા મુજબ તે ભાઇઓ આ સંઘના મેમ્બરો થવા કરતાં, જો પોતપોતાના ગામમાં કે શહેરમાં મુંબઇ જૈન યુવક સંઘના ઉદ્દેશ અને આત્મ નિવેદન પ્રમાણે નવા યુવક મંડળો સ્થાપન કરે તો યુવક સંઘની પ્રવૃત્તિ અને ચળવળને વધારે ઉત્તેજન મળશે અને સ્થાનિક જૈન સમાજને પણ વધારે ફાયદો થશે. અને આ પ્રમાણે સ્થળે સ્થળે યુવક મંડળો સમાન ઉદ્દેશના થશે તો થોડા વખતમાં તેઓનું સંગઠન કરવાની યોજના સમાજ સમક્ષ મુકવામાં આવશે. તે દરમ્યાન દરેક યુવક મંડળે સ્થાનિક સંજોગોને અનુસાર પોતાનું બંધારણ ઘડી લેવું અને તે કરવામાં અમારી સલાહ અને સહકારની જરૂર હશે તો તે પ્રમાણે અમે ખુશીથી વ્યવસ્થા કરીશું. આવા મંડળો પોતાના સ્થાનિક સવાલો ઉપરાંત સમસ્ત જૈન સમાજના સામાન્ય પ્રશ્નો પણ હાથ ધરી શકશે, અને તેવા પ્રશ્નોમાં એક બીજા મંડળો સાથે સંપૂર્ણ સહકાર અને સહાનુભૂતિ રાખવામાં આવશે તોજ જૈન યુવકોનું બળ એકત્રિત થશે, અને એવું સંગઠન હશે તોજ તેઓ સમાજના ઘણીજ મુશ્કેલી ભરેલા સવાલોમાં અસરકારક ભાગ લઇ શકશે.

જ્યાં જ્યાં અન્યાય, દંભ અને પાખંડ જણાય ત્યાં ત્યાં નીડરતાથી તેની સામે થઇ, સમાજના વિકાસને પોષક પ્રવૃત્તિઓનું રક્ષણ કરવા જૈન યુવકોએ તત્પર રહેવું જોઇએ, અને ખાસ કરીને જ્યારે સમાજના યુવાનો ઉપર અને કેળવણી ઉપર રૂઢિ પૂજકો અને ધર્માંધો તરફથી નીચ હુમલાઓ કરવામાં આવતા હોય ત્યારે તો યુવકો અગર જેનામાં પ્રગતિ-ભાવનાઓ જાગતી હોય તેઓ મૌન કેમ સેવી શકે?

# શ્રી મુંબઇ જૈન યુવક સંઘ, ઉદ્દેશો અને આત્મનિવેદન.

## શ્રી મુંબઈ જૈન યુવક સંઘના ઉદ્દેશો નીચે પ્રમાણે છે.

૧ મુખ્યત્વે કરીને જૈનોની ધાર્મિક, આર્થિક અને સામાજીક ઉન્નતિના ઉપાયો રાષ્ટ્રહિત સાચવીને યોજવા અને અમલમાં મુકવા.

૨ રાષ્ટ્રીય પ્રવૃત્તિઓમાં બને તેટલી સાહય આપવી અને જૈન સમાજમાં રાષ્ટ્રીય ભાવનાઓ ખીલે તેવાં પગલાં લેવાં.

આ ઉદ્દેશો એટલા સ્પષ્ટ છે કે તે વિષે લાંબા વિવેચનની અપેક્ષા ન ગણાય. આ ઉદ્દેશો પાછળ મુખ્ય ભાવના એ છે કે દેશ અને ધર્મના સવાલો કદિપણ પરસ્પર ભિન્ન હોઇ ન શકે દેશના ભોગે ધર્મનો ઉત્કર્ષ કે ધર્મના ભોગે દેશ [illegible] કદિપણ સંભવી ન શકે, કોઇ પણ સહૃદય મનુષ્ય દે[illegible] અવગણીને ધર્મપ્રચારનો ખ્યાલ ધારી ન શકે. જે [illegible] અને સંસ્થાના આપણે અંગ છીએ તેનું સમગ્ર હિત આપણને જેટલી ચિન્તાનો વિષય હોઇ શકે તેટલીજ ચિન્તા આપણી ને આપણા દેશના ઉદ્ધાર સંબંધે કરવી ઘટે છે. ધર્મના વર્તમાન હ્રાસનું ખરૂં કારણ દેશની પરતંત્રતા છે. જ્યાં સુધી દેશ સ્વતંત્ર ન બને ત્યાં સુધી ધર્મજીવનમાં સાચા પ્રાણનો ઉદ્દગમ થઈ શકેજ નહિ. તેથી અત્યારના યુવકોની સર્વ પ્રવૃત્તિ દેશ હિત તેમજ ધર્મ હિત–ઉભય સરખા લક્ષમાં રાખીને યોજાવી જોઇએ. આ વિચારનું નિરૂપણ પ્રસ્તુત ઉદ્દેશ વિધાનમાં સૂચિત છે.

મુંબઇ જૈન યુવક સંઘે ઉદ્દેશ વિધાન ઉપરાંત સંઘમાં દાખલ થવા ઇચ્છનાર વ્યક્તિ ઉપર બીજું બંધન એ મુકયું છે કે તેણે અમુક નક્કિ કરેલા આત્મનિવેદનમાં જણાવેલી પ્રત્યેક બાબત ઉપર પોતાની સંમતિ સૂચક સહી મૂકવી જોઇએ. આ બંધનનો આશય એ છે કે પ્રસ્તુત યુવક સંઘ માત્ર કહેવાતા યુવકોનો સંમેળો બનવા નથી માગતું માત્ર ચોક્કસ ઉદ્દેશ અને ચોક્કસ વિચારોવાળા નવયુવાનો સુવ્યવસ્થિત રીતે એકત્ર થઇને અત્યારે આપણો સમાજ અને ધર્મ જે પ્રકારની ક્રાન્તિ માગી રહેલ છે તે પ્રકારના ક્રાન્તિકાર્યમાં બને તેટલું સંગીન કાર્ય કરવા માગે છે. આ કારણથી સંઘના પ્રવર્તકોને ચોક્કસ ભૂમિકા નક્કિ કરવાનો વિચાર થયો કે જેની ઉપર સ્થિર રહીને યોગ્ય પ્રવૃત્તિઓ યોજી શકાય અને જે ઉપરથી પ્રસ્તુત સંઘમાં એકત્ર થયેલા સભ્યોના ચોક્કસ બાબતોમાં શું વિચારો અને વળણો છે તેની સૌ કોઇને ચોક્કસ ઓળખાણ આપી શકાય. આ આશયથી પ્રેરાઇને નીચે જણાવેલ આત્મનિવેદન પત્ર નક્કિ કરવામાં આવ્યું છે.

૧ વિચાર સ્વાતંત્ર્યમાં હું સંપુર્ણ રીતે માનું છું અને તેટલાજ કારણસર કોઈ પણ વ્યક્તિને સંઘ બહારની શિક્ષા કરવામાં આવે તેની હું વિરૂદ્ધ છું.

૨ જૈન સમાજની આધુનિક પરિસ્થિતિ વિચારતાં આપણા દ્રવ્યનો ઉપયોગ મુખ્યત્વે કરીને સમાજની આર્થિક અને કેળવણી વિષયક ઉન્નતિમાંજ થવો જોઇએ એમ હું માનું છું.

૩ જૈનોના સર્વ ફીરકાઓના ઐક્યમાં હું માનું છું. અને તેવું ઐક્ય વધે તેવી પ્રવૃત્તિઓને ટેકો આપવો એ હું મારો ધર્મ સમજું છું.

૪ સમાજમાં રહેલ અનેક હાનિકારક રીવાજો અને માન્યતાઓ અને ધર્મને નામે ચાલતો દંભ દુર કરવામાં એ મારી ફરજ સમજું છું.

૫ સાધુ વેશમાં ફરતા ચારિત્ર ભ્રષ્ટ સાધુ–સાધ્વીને સાધુ–સાધ્વી તરીકે હું સ્વીકારતો નથી.

૬ આત્મશુધ્ધિ, સત્યનિષ્ઠા અને સેવાભાવને હું મારા જીવનમંત્ર તરીકે સ્વીકારૂં છું.

પ્રસ્તુત આત્મનિવેદનપત્ર એક રીતે યુવક સંઘની સમાન મીલન ભૂમિકા છે, બીજી રીતે યુવક સંઘે કયા પ્રસંગે શું કરવું અને શું ન કરવું, કેવી પ્રવૃત્તિઓ આદરવી અને કેવી પ્રવૃત્તિઓ નો વિરોધ કરવો તે સંબંધમાં હેયોપાદેય પ્રતિપાદક દિશાસૂચક દીવાદાંડી છે. આ નિવેદનની પ્રત્યેક કલમો ઉપર બને તેટલું સંક્ષેપમાં વિવેચન કરવું તે આ લેખમાળાનો ઉદ્દેશ છે આ નિવેદનની પહેલી કલમ નીચે પ્રમાણે છે. "વિચાર સ્વાતંત્ર્યમાં હું સંપૂર્ણ માનુ છું અને તેટલાજ કારણસર કોઇપણ વ્યક્તિને સંઘ બહારની શિક્ષા કરવામાં આવે તેની હું વિરૂધ્ધ છું."

વિચાર સ્વાતંત્ર્ય સામાજિક પ્રગતિની ચાવી છે. એ માનવ ઇતિહાસે સિદ્ધ કરેલું પરમ સત્ય છે. જ્યારે જ્યારે સ્વતંત્ર વિચારોનાં પ્રચારનો રોધ કરવામાં આવ્યો છે. અને રૂઢિ અને પરંપરાનાં પૂજક આચાર્યો અને લોક નાયકોનુ સામ્રાજ્ય ચાલ્યુ છે ત્યારે ત્યારે સમાજ પ્રગતિ કરતો અટકયો છે એટલુંજ નહિ પણ પાછો પડયો છે. સામાજિક ધાર્મિક કે રાજકીય વિષયોમાં દરેક માણસને પોતાના વિચારો જણાવવાનો સ્વાભાવિક હકક છે. કોઇપણ વિચારને એકાન્ત સત્ય તરીકે માનનાર અને તેના વિરોધી વિચારને એકાન્ત અસત્ય તરીકે લેખનાર માણસ સત્યતત્વનેજ સમજતો નથી પરમત–અસહિષ્ણુતાએ ધર્મના નામે નિષ્ઠુરતા પાખંડ દંભ અને જડતાઓ પોષ્યા છે. સમાજહિત લક્ષીને સ્વતંત્ર વિચાર

ઉપરાંત વિનંતિ કે જે જે યુવકો મંડળો સેવા મંડળો અને સ્વયંસેવક મંડળો અત્યારે હયાત હોય અને અમારા ઉદ્દેશો અને પ્રવૃત્તિઓ સાથે સમંત હોય તેમણે અથવા હવે પછી આવા મંડળો હયાતીમાં આવે તેમણે અમોને તેમના સરનામાં વગેરે માહીતી મોકલી આપવા મહેરબાની કરવી કે જેથી કરીને અરસ્સરસ પ્રચાર અને સહકાર વધે.

તા. ૧૮–૮–૨૯
મનહર બીલ્ડીંગ,
સુતાર ચાલ, મુંબઈ

લી॰ મંત્રીઓ,
શ્રી મુંબઇ જૈન યુવક સંઘ.

દર્શાવનારનો જે સમાજ અયોગ્ય રીતે વિરોધ કરે છે કે તેનો બહિષ્કાર કરવા તત્પર થાય છે તે પોતાની પ્રગતિનાંજ દ્વારજ બંધ કરે છે. આ સર્વ તો સામાન્ય પરિસ્થિતિને લાગુ પડે છે. પણ જ્યારે દેશ અને સમાજ એક સ્થિતિમાંથી અન્ય સ્થિતિમાં સંક્રાન્ત થવા માંગતો હોય ત્યારે તો પરસ્પર વિરોધી વિચારો અને ભાવનાઓનો પ્રચાર સવિશેષ આવકારદાયક બને છે. આમ બને તોજ સામાન્ય લોકો ભિન્ન ભિન્ન વિચારો અને દ્રષ્ટિબિન્દુઓનું યોગ્ય તોલન કરી શકે અને તે સર્વના સારભુત અને સમગ્ર સમષ્ટિને હિતકારક પરિવર્તન સરજાવી શકે. કોઇ પણ કાળે વ્યક્તિના વિચાર સ્વાતંત્ર્ય ઉપર છીણી મુકવાથી સમાજને કિંચિત પણ લાભ પ્રાપ્તિ થઇ નથી, તેમજ થવાની નથી. આપણને ઘણી વખત આપણાથી વિરૂધ્ધ વિચારના પ્રચારથી સમાજને હાનિ પહોંચવાનો સંભવ દેખાય છે પણ સામાજિક બુધ્ધિ પોતાના હિતાહિત સંબંધમાં એટલી બધી કુશળ હોય છે કે એ પ્રકારની હાનિને પહોંચી વળે તેવાં બળો સ્વભાવીક રીતે તે ઉત્પન્ન કરે છે અને પરિણામે પરસ્પર વિરોધી બળોના મન્થનથી જે સારભુત સત્ય તરી આવે છે તેનાથી સમાજ આખરે લાભજ ઉઠાવે છે.

ભુતકાળમાં જૈન સમાજે આવી રીતે સ્વતંત્ર વિચારો દર્શાવવાનારાનો બહિષ્કાર કરવાના જુદા જુદા પ્રયાસો કરેલા છે તે ધ્યાનમાં રાખીને તે સામે પોતાનો વિરોધ દાખવવા માટે પ્રસ્તુત ઠરાવ ઘડાયલો છે. આ ઠરાવ ઉપરથી એ સુચિત થાય છે કે કોઇપણ જૈન બંધુ સામાજિક કે ધાર્મિક પ્રશ્નોના સંબંધમાં હિત બુધ્ધિથી પ્રેરાઇને કાંઇપણ બોલે કે લખે તેનું બોલવું કે લખવું પ્રચલિત રૂઢી, પરંપરા કે માન્યતાથી ગમે તેટલું વિરૂધ્ધ હોય તે છતાં પણ તે પ્રકારના કથન કે લેખનના કારણે તે બંધુ કોઇપણ સંઘના બહિષ્કાર યોગ્ય કદી બની શકતોજ નથી, અને આવી રીતે કોઇપણ સંઘ કોઇનો પણ બહિષ્કાર કરવા ઉદ્યુક્ત થાય તે સામે અમારો સખ્ત વિરોધ છે અને રહેવાનો. અત્યારે આપણા અનેક પ્રશ્નો ઉપર સ્પષ્ટ અને સ્વતંત્ર ચર્ચા અને ઉહાપોહની ખાસ આવશ્યકતા છે. અત્યારે આપણે વર્તમાન તીવ્ર સ્થિતિ ક્ષ-

# મુનિ રામવિજયજીને એક પત્ર.

ભાવનગર તા. ૨૮-૭-૨૯ શનીવાર ઠે. સાકર બજાર

## મુનિરાજશ્રી રામવિજયજી મહારાજ.

શ્રી મુંબઇ.

આપ શાંત ચિત્તે વાંચી વીચારી શકતા હો, આપ આત્માર્થી હો, તો જરૂર નીચેની હકીકત વાંચજો.

| | |
|---|---|
| સર્વ પાપનો બાપ કોણ ? | જવાબ લોભ |
| પાપનું મુળ શું ? | ,, અભિમાન |
| અધર્મનું મુળ શું ? | ,, કલેશ |
| ધર્મનું મુળ શું ? | ,, આત્મ શાખે સત્યતમ શાંતિ, પ્રેમ, ન્યાય, બીજા ઉપર દયા. |

આત્માર્થી માણસને એટલી બધી શાંતી હોય છે કે તે પોતાના આત્માના અંતરના શત્રુઓ (કામ ક્રોધ, રાગ, દ્વેષ, કલેશ, લોભ, મોહ. ને બરાબર પીછાણી તેમને દૂર કરવા (સત્ય, અહીંસાના) હથીઆ લડે છે, અને બહારના દુશ્મનો હોય તો પણ તેમને દુશ્મન નહી માનતાં ક્ષમા વૃતિ ધારણ કરે છે ને ઉપર ઉલટી દયા લાવે છે.

હાલનું આપનું કલેશપ્રિય વર્તન આપના અભિમાન ભરેલા વ્યાખ્યાનો, આપને જૈનોને યેનકેન પ્રકાર (છુપી સુક્તી પ્રયુકતી કરીને) સાધુ બનાવવાનો લાગેલો લોભ આ બધું જોઉ છું, તપાસુ છું, વિચારૂં છું, ત્યારે આપની અજ્ઞાનતા માટે દયા છુટે છે. ક્યાં આપ ત્યાગ ધર્મ સ્વીકારનાર સાધુ, અને ક્યાં આપનુ હાલનું ચાલતું વર્તન, બંને સરખા હોવા જોઇએ, તેને બદલે આકાશ જમીન જેટલું અંતર.

આ તમારા વેશને બંધ બેસતું વર્તન થાતું નથી, તેમાં કદાચ કાળનો હાથ હોય અને આપ જેવાઓને હથીઆર બનાવી જૈન શાસનની બરાબર અધોગતિ કરાવવી હોય.

જૈનો ઘણા અંધશ્રધ્ધાળુઓ છે, તેથી આપ જેવાઓનું પણ ચાલી શકે છે. જૈનો જ્યારે વિચારક થાશે, સાચું સમજતા શીખશે, પોતાનું વર્તન સત્ય, નીતિ, ન્યાયયુક્ત રાખશે, તે દીવસે તો તમારા જેવા જેટલા સાધુઓ કલેશ કરાવનારા અભિમાની, ચેલાઓના લોભીઓ હશે, તેને સમજાવી ઠેકાણે લાવશે; તેમની સાધુ તરીકેની ફરજ સમજાવશે, સાચા સાધુ બનાવશે. અને તેમ નહીજ બને તો તેવા સાધુને સાધુ તરીકે નહીં પણ શેતાન-પેટભરા તરીકે ઓળખાવશે.

આ કાગળ વાંચી જો આત્માર્થી હો તો તેનો ઉપયોગ કરશો અને શાંતિપૂર્વક જવાબ આપશો.

આપનો શાંતિથી લખાયેલો પત્ર આવશે તો જરૂર હશે તો લખીશ અને વધારે મદમાં આવી ડોલશો તો તમારી હીલચાલનો મૃત્યુ ઘંટ નજીકમાં છે, એટલું ચોકકસ સમજશો.

ઠે. સાકર બજાર, ભાવનગર.

લી૦ સેવાનો જીજ્ઞાસુ.

શા. છોટાલાલ ત્રીભોવનદાસ.

નોટ:—આ ભાઇએ આજથી એક માસ ઉપર મુનિ રામવિજયને આ પત્ર લખ્યો હતો, તેનો કંઇ પણ ઉત્તર નહિ મળવાથી અમોને પ્રસિધ્ધ કરવા મળ્યો છે.

# દેવદ્રવ્ય અને બીજી જાહેર મીલ્કતનો વહીવટ.

દેવદ્રવ્ય અને બીજી જાહેર મીલ્કતના વહીવટની ગેરવ્યવસ્થાનો પ્રશ્ન સમાજ પાસે કેટલોક વખત થયાં ઉપસ્થિત થયો છે, છતાં તે બાબત કાંઇ સંતોષકારક આંદોલન થયું હોય તેમ લાગતું નથી. જૈન યુવક સંઘ ઉપર પણ બહાર ગામથી તે સંબંધી કેટલાક ભાઇઓના પત્રો આવ્યા છે, તેમાંથી જાહેર પ્રજાની જાણ માટે થોડી હકીકતો નીચે જણાવીએ છીએ.

અમરેલીથી એક ભાઇ જણાવે છે કેઃ—"અત્રે દહેરાસરજી અને ધર્મશાળાનો વહીવટ લગભગ ચાલીશ વર્ષ થયાં શાહ સુંદરજી ડાહ્યાભાઇ પોતાની આપ ખુદ સત્તાથી કરે છે. લગભગ દશ વર્ષ પહેલાં કમીટીનું બંધારણ કરવા છતાં તે કોઇપણ બાબતની વ્યવસ્થા ... કમ કર્યે જાય છે અને પુછવા છતાં કે ... તનો જવાબ નથી, સંઘ બોલાવી કમીટીનું બંધારણ કરવા કહેવામાં આવ્યું, તથા અનેક સારા માણસ પાસે કહેવરાવવામાં આવ્યું છતાં તે બીલકુલ લક્ષમાં લેતા નથી, અત્યારે દેરાસરજી તથા ધર્મશાળા મળી દોઢ લાખની આશરે મીલ્કત છે. અને એમની ઉમર વર્ષ પંચોતેરની છે, આ આપખુદ સત્તાને તોડવાનું કામ અમે યુવક મંડળે હાથમાં લીધું છે, અમારા યુવક મંડળનો નિશ્ચય છે કે આ સંઘની અંદર એક હથ્થુ સત્તાથી ચાલતા અંધેરને બદલે વ્યવસ્થિત બંધારણ નહી થાય ત્યાં સુધી અમે અમારી પ્રવૃત્તિ ચાલુ રાખીશું."

અમદાવાદથી એક બીજા ભાઇ લખે છે કે "મારા દશ વર્ષના અનુભવ ઉપરથી દેરાસરો ઉપાશ્રયો વિગેરે જૈન સંસ્થાઓના હજારો નહિ પણ લાખો રૂપીયા વહીવટદારોના ગેરવહીવટના અંગે ઘસાઇ ગયેલા છે. જો કે જ્યાં જોઇએ ત્યા વહીવટદારો શેઠ આગેવાનો હોય એટલે ગામવાળાઓ કોઇ જાતની ચળવળ ઉપાડી શકે નહિ."

વઢવાણથી એક ભાઇ જણાવે છે કે "ઘણા વખત થયાં ધાર્મિક સંસ્થાઓ જેવા કે દેરાસરો, ઉપાશ્રયોના વહીવટો ઘણા ખામી ભર્યા છે, અને બાપદાદાથી પણ વારસો ઉતરી આવ્યો હોય તેમ શેઠીઆઓ વહીવટ ઘણી આપખુદીથી ચલાવી કોઇને દાદ દેતા નથી, અને પૈસા ઉચાપત કરી જાય છે. આવી બાબતો બનતા સુધી કોઇના જાણવામાં આવતી નથી, અને આવે અને કદાચ બોલવા ઇચ્છા થાય તો શરમા શરમીથી ગામના લોકો બોલી શકતા નથી, માટે આ બાબત હાથ ધરવાની ખાસ અનિવાર્ય જરૂર છે"

આ ઉપરથી જ્યાં જ્યાં ગેરવ્યવસ્થા અથવા અંધેર ચાલતું હોય ત્યાંના વહીવટકર્તાઓ જરૂર ચેતશે અને આ સંબંધમાં જૈન સમાજના યુવકો એ બાબત માટે જબર હીલચાલ ઉપાડે તે પહેલાં અમે આશા રાખીએ છીએ કે તેઓ જાહેર મતને અનુકુળ સુવ્યવસ્થિત વહીવટ બનાવી દેશે.

આ સવાલને અંગે શ્રીમુંબઇ જૈન યુવક સંઘની તારીખ ૨૮-૮-૨૯ મળેલી વ્યવસ્થાપક સમિતિએ ઠરાવ કર્યો છે કે દેવમંદીર તેમજ જૈન જાહેર સંસ્થાના વહીવટની વ્યવસ્થા કેમ કરવી તે વિષયક દિશા સુચક નાનો લેખ તૈયાર કરી સમાજ પાસે મુકવો આ લેખ બહાર પડે તે અગાઉ આ પ્રશ્નના ઉંડા અભ્યાસી બંધુઓને તેમજ સ્થળે સ્થળેની વ્યવસ્થાના જાણકાર ગૃહસ્થોને આ વિષય સંબંધી ઉપયોગી માહીતી તાકીદે યુવક સંઘના મંત્રીઓ ઉપર મોકલી આપવા વીનંતી કરવામાં આવે છે.

## સુચનાઓ.

મુંબઇ જૈન યુવક સંઘના સભાસદોને આ પત્રિકા દીવાળી સુધી વિના લવાજમે આપવામાં આવશે.

(૧) આ પત્રિકાની યોજના હાલતુરત ચાર માસ માટે કરવામાં આવી છે.
(૨) પત્રિકા દર શનિવારે નિયમિત પ્રગટ કરવામાં આવશે.
(૩) નિયત કરેલા સ્થળોએ તથા ફેરીયા પાસેથી છુટક નકલ અડધા આનાની કિંમતે મળશે.
(૪) બહારગામના જૈન બંધુઓ (ટપાલ ખર્ચ સાથે) બાર આના મોકલી આપશે તેઓને ચાર માસ સુધી નિયમિત મળશે.
(૫) યુવક સંઘના ઉદ્દેશ તથા પ્રવૃત્તિમાં દીશાસુચક લેખો અન્ય તરફથી મોકલવામાં આવશે તો અનુકુળતા મુજબ પત્રિકામાં પ્રગટ કરવામાં આવશે.
(૬) પત્રિકામાં યોગ્ય સમાચારોને સ્થાન આપવામાં આવશે.
(૭) પત્રિકા સંબંધી સઘળો પત્ર વ્યવહાર નીચેને સરનામે કરવો (જમનાદાસ અમરચંદ ગાંધી, ૧૮૦ વસીયામલ બીલ્ડીંગ જકરીયા મસજીદ, મુંબઇ.)
(૮) બહારગામના ગ્રાહકોને પોતાનું લવાજમ તાકીદે મોકલી આપવા સુચના કરવામાં આવે છે.
(૯) મંડળો ઉપર જે પત્રિકાઓ મોકલવામાં આવે છે, તે પત્રિકાઓના ગ્રાહકો કરવા તેમ પ્રચાર કાર્ય કરવા કાર્યવાહકોએ મહેનત કરવી.

---

હમાંથી બચતું હોય અને આપણું અસ્તિત્વ જાળવવું હોય તો અનેક રૂઢિ માન્યતા; તેમ સત્તાધારીઓનાં આક્રમણો બેહદ છુટકો છે, આ પરિવર્તન વિચાર સ્વાતંત્ર્યના સ્વીકાર સિવાય અશક્યજ છે અને તેથી અમારી પ્રવૃત્તિના પહેલા પગલા તરીકે વિચાર સ્વતંત્ર્યની અમે ઉદ્ઘોષણા કરીએ છીએ.

પરમાનંદ

---

આ પત્રિકા ધનજી સ્ટ્રીટમાં આવેલા જૈન ભાસ્કરોદય પ્રેસમાં મનસુખલાલ હીરાલાલે જમનાદાસ અમરચંદ ગાંધી માટે છાપી, અને તેણે જૈન યુવક સંઘ માટે પ્રીન્સેસ સ્ટ્રીટ મનહર બીલ્ડીંગમાંથી પ્રસિદ્ધ કરી, મુંબઇ નં. ૨.

યુવાન નવ સૃષ્ટિનો સરજનહાર છે.

સાગર મત સમીક્ષા. Reg. No. B. 2616

# મુંબઇ જૈન યુવક સંઘ પત્રિકા.

અંક ૪ થો. | સંવત ૧૯૮૫ ના ભાદરવા વદ ૩ શનીવાર તા. ૨૧-૯-૨૯ | લવાજમ છુટક નકલ અડધો આનો.

## નવ્ય યુગનો સિદ્ધાન્તવાદ.

### સમય-ધર્મની હાકલ.

( યોજક--ન્યાયવિશારદ-ન્યાયતીર્થ શ્રી ન્યાયવિજયજી મહારાજ )

( ૧ ) જૈનધર્મ વિષે મને દૃઢ શ્રદ્ધા છે. જિંદગી પર્યંત તે ઉપર મક્કમ રહીશ.

( ૨ ) આરોગ્ય, સંયમ, વ્યાયામ અને સુશિક્ષણ એ જીવન-વિકાસનાં મહાન સાધન છે, એમ મારો દૃઢ વિશ્વાસ છે. અને તેના અર્થે મારાથી બનતું કરીશ.

( ૩ ) અન્યાયનું પગલું ભરી સંઘમાં કુસંપ નહિ રાખીશ.

( ૪ ) રાષ્ટ્રીય પ્રવૃત્તિની કોઇ પણ હીલચાલમાં હું ન જોડાઉં, એ જુદી વાત, પણ તેનો વિરોધ તો કદી નહિ કરીશ નહિ જાઉં તેવી યોગ્ય પ્રવૃત્તિનો યથાશક્તિ સમર્થક રહીશ.

( ૫ ) આજના નોકારશી, કે જમણવારોમાં પૈસા વેરવા કરતાં કેળવણીમાં કે સાધર્મિક બન્ધુઓના ઉદ્ધારમાં આપવો બહુ જરૂરી અને વધારે લાભદાયક છે, એમ હું માનું છું.

( ૬ ) પેટા-જ્ઞાતિઓને તોડવામાં મારાથી બનતું થઈ શકશે તો ચુકીશ નહિ.

( ૭ ) જૈન ફિરકાઓની એકસંપી થવામાં સમાજ અને શાસનનું ભલું જોઉં છું.

( ૮ ) શ્વેતામ્બર-દિગમ્બરોના ઝગડા હોલવાઇ જઇ તે બન્ને પરિવારો ઐક્ય-સૂત્રમાં બદ્ધ થતાં જૈનધર્મનો મહાન ઉત્કર્ષ થાય એમ હું માનું છું.

( ૯ ) નબળી ગણાતી જૈન વણિક કોમમાં નબળાઇ અને કાયરતાને ખંખેરી નાખવા સારૂ વ્યાયામની વિશેષ જરૂરીઆત જોઉં છું.

( ૧૦ ) રડવા-કુટવાના દુષ્ટ રિવાજને વખોડી કાઢું છું.

( ૧૧ ) દેશમાં ખાદી અને રેંટીઆનો પ્રચાર દેશના ભલા માટે સરસ માર્ગ છે એમ હું માનું છું.

( ૧૨ ) સંતાડી-ભગાડીને, ધાંધલ ઉભી થાય એવી બાળ-દીક્ષા કે અયોગ્ય દીક્ષાના કાર્યની હું વિરૂદ્ધ છું,

( ૧૩ ) મર્યા પાછળ ઢાંઢો કે ખર્ચ કરવો ગેરવ્યાજબી સમજું છું.

( ૧૪ ) લગ્નાદિ પ્રસંગોમાં આડંબરો બતાવવા પાછળ પૈસો નહિ વેડફતાં પરોપકારમાં ખર્ચી ધર્મની શોભા વધારવી ઉચિત સમજું છું.

( ૧૫ ) સ્વચ્છતા અને સુઘડતાના નિયમો પર ધ્યાન આપીશ.

( ૧૬ ) બાળલગ્ન, અનમેલ લગ્ન અને વૃદ્ધલગ્નમાં શામિલ થવું એ પાપ માનું છું.

( ૧૭ ) દેવદ્રવ્ય કરતાં સાધારણ દ્રવ્યને પુષ્ટ કરવાની વિશેષ આવશ્યકતા સમજું છું.

( ૧૮ ) કાણે-મોકાણે જવાની અજ્ઞાન પ્રથા નાબુદ થવાની જરૂર જોઉં છું.

( ૧૯ ) હિંસાજન્ય રેશમનો ઉપયોગ દોષિત હોઇ, તે અનાવશ્યક વસ્તુનું વર્જન કરવું ઘટે.

( ૨૦ ) ત્યાગી મુનિવરોએ સામાજીક સુધારણા અને ગૃહસ્થાશ્રમની ઉન્નતિ અર્થે પણ સદુપદેશ આપવો જરૂરનો છે એમ મારો દૃઢ મત છે.

( ૨૧ ) હાલનો નાજુક વખત જોતાં સંઘ-યાત્રા, ઉપધાન, ઉજમણાં વગેરેમાં વપરાતું ધન જો વિદ્યાલય, ગુરૂકુળ, હોસ્પીટલ અને હુન્નરશાળા જેવી મહાન સંસ્થાઓ ઉભી કરવા પાછળ ખર્ચવામાં આવે તો સમાજ અને શાસનનો મહાન ઉદ્યોત થાય.

( ૨૨ ) એક " જૈન બેન્ક " ખોલાય તો જુદાં જુદાં તીર્થો અને દેરાસર વગેરે સંસ્થાઓની અવ્યવસ્થિત ધનરાશિનો વ્યવસ્થિત પણે સદુપયોગ થઇ શકે. અને એ સમાજના ઉદ્ધારનો સરળ માર્ગ છે.

( ૨૩ ) પ્રામાણિક બનવા બનતો પ્રયત્ન કરીશ.

( ૨૪ ) સેવા-ધર્મ એ મહાન ધર્મ છે.

ઓ ! પ્રિય વાચક ! આ પુણ્યમય સિદ્ધાન્તોના પથે તારા જીવનને ઉન્નત બનાવવા તૈયાર થા !

ભાદરવા સુદ ૧ વિ. સં. ૧૯૮૫

શ્રી જૈન યુવક-સંઘ, વડોદરા.

# ભારત મૈયાનો પહેલો શહીદ.

જતીનદાસ સ્વર્ગે સીધાવ્યા, અમર રહો જતીનદાસ આખા દેશના રાજ્યદ્વારી કેદીઓના હક માટે તેણે પોતાના પ્રાણનું બલીદાન કર્યું, આખા ભારત વર્ષમાં જતીનદાસનું નામ અમર થયું. યુવકો માટે એક અનુપમ દ્રષ્ટાંત ખડું થયું. ત્યાગની વાતો કરવાને બદલે જતીનદાસે પોતાના પ્રાણને દેશના યજ્ઞકુંડમાં હોમી દીધા. દરેક યુવાનો તેમના નિશ્ચય બળને દૃષ્ટિ સમીપ રાખી વર્તશે તો તેમની ઘણી સામાજીક મુસ્કેલીઓ દૂર થશે. જતીનદાસનો ભારત વર્ષ માટે નો ભોગ જૈન યુવકો માટે એક બોધપાઠ નીવડવો જોઇએ.

દરેક જૈન યુવકે રાષ્ટ્ર ઉન્નતિના કાર્યમાં ભાગ લેવા તત્પરતા દાખવવી જોઇએ અને કોન્ગ્રેસની હીલચાલને વધાવી લેવી જોઇએ એટલુંજ નહિ પણ તેમાં રસપૂર્વક ભાગ લેવો જોઇએ. જૈનોનો ફાળો હાલ સુધી રાજકીય હીલચાલમાં બહુ થોડો છે મુંબઇ શહેર પરત્વે જોઇશું તો મુંબઇ શહેરને ઓલ ઇન્ડીયા કમીટીના ઠરાવ મુજબ ૧૭૦૦૦ મેમ્બરો નાના છે તેમાં લગભગ ૧૨૦૦૦ નોંધાયા છે. મેમ્બરો નોંધાવવાના બાકી છે. આશા છે કે જૈન યુવકો મેમ્બરો બનાવવાના કાર્યમાં સારી રીતે ભાગ લેશે અને યુવક સંઘના દરેક સભાસદો તો અવસ્ય કોન્ગ્રેસના મેમ્બર તરીકે પોતાના નામ નોંધાવશે જેથી કરીને મંડળના ઉદ્દેશની બીજી કલમને થોડે ઘણે અંશે તેઓ માન આપ્યું ગણાશે

# શ્રીમાન રામવિજયને પ્રશ્નો.

અમારૂં એવું માનવું છે કે શ્રીમાન રામવિજય લાલબાગના વ્યાખ્યાનપીઠ ઉપરથી શ્રોતાને ઉઠાવી ઉઠાવીને શાસ્ત્રના નામે મનસ્વી વિચારોનો પ્રચાર કરી રહ્યા છે.

આગમો તો શું ! પણ સામાન્ય સંસ્કૃત અને પ્રાકૃત ગ્રંથોથી જેઓ અપરિચિત છે, અથવા શ્રોતાઓમાંથી કોણ જાણે છે, કે રામવિજય આગમના આધારે બોલે છે, કે તેમની ઇચ્છાનુસાર મોડવીને ઠુલી ચલાવે છે; શ્રોતાઓમાંનો ઘણો મોટો ભાગ તો તે શ્રીમાનની વાકચાતુર્યમાંજ મસ્ત થઇને બેઠો હોય છે અને હાજીહા કહે જાય છે અને જેઓ સમજતા હશે તેમાંના કોઇને ધાસ્તી, તો કોઇને, જવા દયો આપણે શું ! આથી તે શ્રીમાન ઇચ્છાનુસાર મન કલ્પનાના ઘોડા દોડાવી શ્રોતાઓ પાસે હા કહેવરાવી રહ્યા છે, એમ માની શકાય. સર્વમાન્ય અનન્ય ન્યાયશાસ્ત્ર વિશારદ શ્રીયશોવિજયજી મહારાજે બનાવેલી સમકીતના ૬૭ બોલની સઝાયમાં ઢાલ આઠમીમાં સમ્યક્ત્વના પાંચ લક્ષણના ક્રમમાં પહેલું ઉપસમ, બીજું સંવેગ, ત્રીજું નિર્વેદ, ચોથું અનુકંપા, અને પાંચમું આસ્તિક્ય, આ પ્રમાણે મુકેલ છે, અને એજ ક્રમ પૂર્વાચાર્યોએ માન્ય રાખ્યો છે. છતાં આપ શ્રીમાન તરફથી તે ક્રમને વ્યાખ્યાનમાં વિપરિત રીતે મુકવામાં આવેલો, જેથી પંડીત લાલને આપની સાથે ખાનગીમાં ઉહાપોહ (ચર્ચા) કરેલો અને તે સંબંધમાં એમ સંભળાય છે કે આપને પ્રશ્નો પુછેલા તેના જવાબો હજુ હવામાંજ લટકી રહ્યા છે. આથી એમ સમજી શકાય છે કે જેમ આવે તેમ હાંકે રાખવાની આપને બુરી ટેવ પડેલી છે. આપની પાસે ખાનગીમાં પૂછવા આવતાં જવાબ નથી મળતો અને વ્યાખ્યાનમાં પૂછતાં તમારી ઉશ્કેરણી ભરેલા ઉપદેશના પ્રતાપે તમારા અંધ ભક્તો ઉશ્કેરાઇ જવાની ધાસ્તીથી, જાહેરમાં પૂછવાની જરૂર જણાય છે. તો આશા છે કે આપશ્રી યોગ્ય ખુલાસો કરશો.

'જૈન પ્રવચન' જે આપના વ્યાખ્યાનના સાર તરીકે બહાર પડે છે તેમાંના પ્રથમ અંકની અંદર 'સમ્યક્ત્વનાં પાંચ લક્ષણ' એ મથાળા નીચે આપ નીચે મુજબ ક્રમે લક્ષણ મુકો છો.

૧ આસ્તિક્ય, ૨ અનુકંપા, ૩ નિર્વેદ, ૪ સંવેગ, ૫ ઉપશમ, ઉપર મુજબ વિપરિત રીતે આપે જે લક્ષણો રજુ કર્યા છે તે અંગે નીચેના પ્રશ્નો.

૧ સમ્યક્ત્વનાં પાંચ લક્ષણનો આપે જે ક્રમ મુકયો છે તે કયા શાસ્ત્રના આધારે ?

૨. કોઇ આગમમાં કે પંચાંગીમાં છે ?

૩ દશમા સૈકાની પહેલાના કોઇ ગ્રંથમાં છે !

૪ પંચલિંગીમાં આવો ક્રમ પ્રારંભમાં આપેલો હોય એમ કહેવાય છે, આપ એના આધારે કહી રહ્યા છો ?

૫ પંચલિંગી ગ્રંથના આધારે કહી રહ્યા હો તો એમાં લખેલી બધી બાબતો સાથે આપ સંમત છો ? અને હો તો કેટલીકની સાથે ? ને તેમ હોવાનું કારણ શું ?

૬ આપે વ્યાખ્યાનમાં જ્યારે વિપરિત ક્રમ બતાવ્યો તે વખતે આપ જાણતા હતા કે કોઇ અમુક ગ્રંથમાં આ વાત છે ? કે આનો ખાનગીમાં ઉહાપોહ (ચર્ચા) થતાં આપ પ્રમાણ શોધવા નીકળી પડયા એ વાત સાચી છે !

૭ આપને પ્રમાણની ખબર નહી હોવાથી શ્રી સાગરાનંદસૂરીને તસ્દી અપાઇ હતી તે વાત સાચી છે ?

૮ આવા વિપરિત ક્રમને માટે જે જે પ્રમાણો આપની પાસે ભેગાં થયા હોય તો તે સમાજ પાસે શા માટે રજુ કરતા નથી ?

શ્રીમાન આપે પાંચ મહાવ્રત આદરેલાં છે, તેમ આપના પ્રવચન ઉપરથી એમ સમજાય છે કે આપ પોતાને આગમના ખાસ આરાધકનો દાવો કરો છો એટલે અસત્ય નહિ સેવતાં ઉપરના આઠ પ્રશ્નોનો સાચો ખુલાસો આપના જાહેર છાપામાં આપશો.

મહેરબાની કરીને કોઇ ભક્તદાસે આનો જવાબ આપવા લલચાવવું નહિ.

# શ્રી મુંબઈ જૈન યુવક સંઘના ઉદ્દેશો અને આત્મ નિવેદન.

પ્રસ્તુત આત્મ નિવેદનની ત્રીજી કલમ નીચે પ્રમાણે છે. "જૈનોના સર્વ ફીરકાઓના ઐકયમાં હું માનું છું અને તેવું ઐકય વધે તેવી પ્રવૃત્તિઓને ટેકો આપવો એ હું મારો ધર્મ સમજું છું".

ભારતવર્ષમાં જૈનોની સંખ્યા દિન પ્રતિદિન ઘટતી જાય છે એ સમયે સમયે પ્રગટ થતા વસ્તીપત્રકો ઉપરથી કોઇને પણ માલુમ પડે તેમ છે આ સંખ્યા ઘટવાનાં અનેક કારણોમાં બહુ ઉપયોગી ભાગ ભજવતું કારણ ફીરકા ભેદ છે આજે આખા દેશમાં જૈન સમુદાયનું પ્રભુત્વ પણ દિન પ્રતિદિન લય પામતું જાય છે. આનું કારણ પણ આપણી અનેક ભાગ વિભાગોમાં વહેંચણી છે. આજે કોઇપણ વિષય કે પ્રવૃત્તિના અંગમાં સમગ્ર જૈન સમુદાયના નામે કશું પણ કહી કે બોલી શકાય તેમ છેજ નહિ. કારણ કે એક ભાગ અમુક વિચાર રજુ કરે તો તેનો વિરોધ કરવાને અન્ય ભાગ તૈયારજ હોય જે ભેદોત્પાદક બુદ્ધિએ આપણા આખા દેશની દુઃખદાયક દશા કરી છે તેજ ભેદોત્પાદક બુદ્ધિ આપણા જૈન સમુદાયને છિન્નભિન્ન કરી રહેલ છે નાની અને નજીવી બાબતોમાં આપણે પક્ષો અને સંપ્રદાયો ઉભા કરવાને તૈયારજ હોઇએ છીએ; મોટી અને મહત્વની બાબતોમાં આપણે કદિ પણ એકત્ર બની શકતાજ નથી. આપણા મૂળ ત્રણ ભાગ શ્વેતાંબર દિગંબર અને સ્થાનકવાસી, શ્વેતાંબરમાં વળી તપગચ્છ ખરતરગચ્છ, આંચળગચ્છ, વિગેરે અનેક વિભાગો જોવામાં આવે છે. આપણામાં ભેદો કેમ પડે છે તેનો તટસ્થ દ્રષ્ટિએ વિચાર કરીએ છીએ ત્યારે વિનોદ અને ખેદ ઉભયનો અનુભવ થાય છે. ભગવાનની મૂર્તિ બનાવવી કે નહિ? એક કહે કે મૂર્તિની પ્રવૃત્તિ ઉભી કર્યા બાદ માણસ ઘણીવાર દેવપૂજક મટી માત્ર મૂર્તિપૂજક બની જાય છે, અને મૂર્તિપૂજાનો મુળ ઉદેશ ભુલી જઇને અનેક વહેમો અને આરંભ સમારંભનો ભોગ થઇ પડે છે, માટે મૂર્તિપૂજાની સંસ્થાની જરૂર નથી, બીજો કહે કે દેવ આરાધના માટે મૂર્તિપુજા જેવું સૌ કોઇને સુલભ બીજું કોઇ સાધન હોઇ ન શકે. આ વિચારોનો કશો સમન્વય સંભવી ન શકે? પણ સમન્વયનો વિચારજ કોણ કરે? સંપ્રદાયજ ઉભા થવાજ જોઇએ અને પરિણામે સ્થાનકવાસી અને દેરાવાસી ઉભા થયા. પ્રશ્ન થયો કે જિનમૂર્તિ કેવી હોવી જોઇએ? એક કહે કે ભગવાન મહાવીર નગ્ન વિચારતા અને નગ્નતા નિષ્પરિગ્રહ વ્રતની સામાન્ય ઉપપત્તિ છે માટે મૂર્તિ નગ્ન જોઇએ અને સાધુઓએ પણ નગ્ન વિચરવુ જોઇએ. બીજો કહે કે ભગવાન મહાવીર તો લોકાતીત પુરૂષ હતા. તેની મૂર્તિ બનાવવામાં વર્તમાન લોકાચારનો વિચાર કર્યા વિના ન ચાલે. નહિ તો જેની મૂર્તિ બનાવીએ છીએ તેનીજ સાધારણ અણસમજુ લોકો હાંસી કરે. શું આ બન્ને વિચારની સ્યાદવાદઘન જૈન દર્શનમાં કશી સંધિ ન થઇ શકે? એ સ્યાદવાદ અને સંધિની ખાલી વાતો જ છે. મતભેદ પડયો એટલે સંપ્રદાય ઉભો થવોજ જોઇએ એક મૂર્તિ નગ્ન છે, બીજી મૂર્તિ નગ્નપ્રાયઃ હોય છે, છતાં એકનો પુજક અન્યને કદિ ન નમે, એકનાં પ્રતિપાદકને અન્ય નિન્હવ, દુર્લભબોધી-અભવી મિથ્યાત્વી એવા નામથી સંબોધી તેની સામે તિરસ્કારનો પ્રચાર કરતોજ રહે, આતો મુળ શાખાની વાત થઇ. ઉપશાખાના ભેદોની વિવક્ષા કરવા બેસીએ તો પાર ન આવે. એક કહેશે કે પ્રતિક્રમણમાં ચાર થોઇ અવશ્ય જોઇએ, બીજો કહેશે કે ત્રણ થોઇ પુરતી છે. એક કહેશે કે પતિક્રમણ પ્રાકૃતમાંજ જોઇએ; બીજો કહેશે કે ગુજરાતીમાં પ્રતિક્રમણ હોય તો લોકો સમજી શકે અને વધારે લાભ ઉઠાવી શકે. એક કહેશે કે મુહપત્તિ બોલવાની જરૂર પડયે મોઢા આગળ ધરવી. બીજો કહેશે કે સદાકાળ મોઢે મુહપતિ બાંધી રાખવી. આજની દ્રષ્ટિએ આવી નજીવી લાગતી બાબતો ઉપર ભુતકાળમાં આપણે ભાતભાતના સંપ્રદાયની દીવાલો ઉભી કરીને એકજ પિતાના સંતાનો વચ્ચે વૈમનસ્ય વધારતાજ આવ્યા છીએ. આ વૈમનસ્ય વિવર્ધનમાં શ્રાવકો કરતાં સાધુઓનો બહુ મોટો ફાળો છે. કારણ કે સાધુઓએ શાસ્ત્રોને અનુકુળ ઉપયોગ કરીને અણુ જેવી [illegible]ને પર્વત જેવી બનાવી છે અને ભોળા શ્રદ્ધાળુ [illegible]જી મહારાજ' ની અંધ સહકારપૂર્વક સાધુઓને [illegible]ર્યાં છે આ આખી દ્રષ્ટિમાં પરિવર્તન થવાની જરૂર છે. આપણે આપણા સ્થાનકવાસી શ્વેતાંબર અને દિગંબર ભાઇઓ વચ્ચે જેટલુ અભેદ્ય અન્તર માની બેઠા છીએ તેટલું અભેદ્ય અન્તર છેજ નહિ, અને કોઇ કોઇ બાબતમાં મતભેદ છોડી શકાય તેમ નથી એમ લાગે તો પણ બીજી અનેક બાબતોમાં આપણે એકજ છીએ એ સાચી માન્યતાનો સર્વત્ર ખુબ પ્રચાર થવો ઘટે છે. સમાન ધર્મોના ડુંગરમાંથી અસમાન ધર્મનો ઉંદર શોધવાની વૃત્તિનો આપણે ત્યાગ કરીએ, તીર્થોને લગતા ઝગડાઓનો ઉદ્ધાર બાંધછોડથી જલદિથી અન્ત લાવીએ; સિદ્ધાન્તિક મનાયલી છતાં દેશ અને કાળનું બળાબળ વિચારતાં અનુકુળતા પ્રમાણે ફેરવી શકાય તેવી અનેક માન્યતાઓનું સંશોધન કરીને આપણે એકમેકની ખુબ સમીપ આવીએ; મૂર્તિપૂજાની કેટલીક અતિશયતા છોડીને તેમજ ધાર્મિક પર્વોની બને તેટલી સમાનતા સાધીને આપણા ભિન્ન ભિન્ન વર્ગોમાં એકતાનો પ્રચાર કરીએ અને આ રીતે સંગઠિત થઇને આપણું પ્રભુત્વ કેળવીએ; અજૈનોને જૈન બનાવીએ, અને અહિંસા ધર્મનો સૌ સાથે મળીને ખુબ ફેલાવો કરીએ એ આ ત્રીજી કલમનો ઉદ્દેશ છે.

પરમાનંદ.

---

## શારદાબીલ

શારદાબીલને જૈન સમાજનો ટેકો આપનારો તાર મુંબઇ શ્રી જૈન યુવક સંઘના મંત્રી તરફથી સત્તાવાળાઓ ઉપર મોકલી આપવામાં આવ્યો હતો.

# સો સણુ તેલે અંધારૂ

અથવા

# સાગર મત સમીક્ષા.

( ૧ )

"જામનગર ચતુર્વિધસંઘે પસાર કરેલા ઠરાવો" "આગમના અખંડ અભ્યાસી આગમોદ્ધારક શ્રીમદ્ સાગરાનંદ સૂરીશ્વરજીનું વક્તવ્ય" આ બે હેડીંગો નીચે લખાએલું એક ટ્રેક્ટ હમણાં બહાર પડ્યું છે. ટ્રેક્ટની ઉપર ટાઇટલ નથી. તેમ નથી કોઇ પ્રકાશકનું નામ. એટલે ટ્રેક્ટ બહાર પાડનાર કોણ? આ ટ્રેક્ટના લખાણની જવાબદારી કોની? એનો નિર્ણય કોઇ પણ વાંચનાર કરી શકે તેમ નથી.

લખાણનો પહેલો પેરેગ્રાફજ સ્પષ્ટ બતાવી આપે છે કે આ ટરેકટમાં જેને "ચતુર્વિધ સંઘની સભા" કહેવામાં આવી છે. એ નરી હંબકતાજ છે, તે પહેલો પેરેગ્રાફ આ છે.

"ગઈ કાલે એટલે તા. ૨૩–૭–૨૯ ને રોજ જાહેર કરવામાં આવ્યું હતું કે—દીક્ષાના વિરોધ સંબંધી હેન્ડબીલ નીક... છે, તેને અંગે આજ ઉપર **વિવેચન મુલતવી** ર **માં** આવ્યું હતું. તે અનુસાર આજ રોજ **ચતુર્વિધ** . **સભા** મળી છે તેમાંથી **આધિપતિ સ્થાનેથી** ...ગમોદ્ધારક, આચાર્ય મહારાજ શ્રી સાગરાનંદસૂરીશ્વરજીએ જણાવ્યું કે"

આ પેરેગ્રાફ ઉપરથી આપણે ૭ બાબતો તારવી શકીએ છીએ.

૧ આની ભાષાજ કોઈ ત્રણ ચોપડીએ ન ભણ્યો હોય એવાની લાગે છે.

૨ ૨૩ મી તારીખે કોના તરફથી ક્યાં જાહેર કરવામાં આવ્યું હતું? એ જણાવવામાં આવ્યું નથી.

૩ આજ ઉપર ( એટલે ૨૪ ઉપર ) **વિવેચન કરવાનું** મુલતવી રાખ્યું હતું—નહિ કે રીતસરની સભા બોલાવવાનું.

૪ "ચતુર્વિધ સંઘની સભા" શા ઉપરથી કહેવામાં આવે છે, એ જણાવવામાં આવ્યુ નથી. આ કહેવાતી સભામાં સંઘના આગેવાનો કોણ હતા? કોના તરફથી નિમંત્રણ પત્રિકાઓ કાઢવામાં આવી હતી? "ચતુર્વિધ સંઘ" એ શા માટે કહેવામાં આવ્યુ છે? વિગેરે કાંઇપણ બતાવવામાં આવેલ નથી.

૫ 'આધિપતિ સ્થાનેથી' એમ કહીને શું એમ બતાવવામાં આવે છે કે—પ્રમુખ સ્થાને સાગરજી બેઠા હતા? જો એમ હતું તો એ પ્રમુખ સ્થાન માટેની દરખાસ્ત કોણે મૂકી હતી? કોણે કોણે અનુમોદન આપ્યું હતું? વિગેરે કંઇપણ જાહેર કરવામાં આવ્યું નથી.

૬ "સાગરાનંદ સુરીએ જણાવ્યું કે" આ શબ્દો કોણ લખે છે? રીપોર્ટ લેનાર કોણ છે? આ ટરેકટ પ્રકાશિત કરનાર કોણ છે? આખાએ ટરેકટમાં સાગરજી સિવાય બીજા કોઇનું નામ પણ આવતું નથી. ત્યારે આ ટરેકટના પ્રકાશક પણ વક્તા સાહેબ પોતેજ—એટલે સાગરજી છે કે? ટરેકટની અંતમાં મુદ્રક એટલે છાપનાર તરીકે બે પ્રેસોના નામ છે. સાધારણ ફોર્મનું ટરેકટ બે પ્રેસોમાં છપાવ્યું છે, ગમે તેમ પરંતુ મુદ્રકો કંઇ ટરેકટનું ઉત્તરદાયિત્વ ધરાવતા નથી.

ઉપરની બાબતોઉપરથી એ ચોકખું જણાય છે કે:—

૧ જામનગરના ચતુર્વિધ સંઘની ઉપર જણાવ્યા પ્રમાણેની કોઈ સભા મળીજ નથી.

૨ જામનગરના સંઘે આ ટરેકટની અંતમાં બતાવ્યા પ્રમાણેના કોઈ ઠરાવ કર્યાજ નથી.

૩ આ આખું ટરેકટ– કે જેમાં એકલા સાગરજીનુ ભાષણ આપવામાં આવ્યું છે, એ ભાષણ—આ ટરેકટ કોઇપણ જવાબદાર વ્યક્તિ તરફથી નહિ, પરન્તુ કેવળ સાગરજીની મનઃ કલ્પનાનુંજ પરિણામ છે બાકી એની સાથે જામનગરના સંઘનો કંઇ પણ સંબંધ છેજ નહિ.

સાગરજીએ આ મનઃકલ્પિત હવાઇ જહાજ કેમ ઉડાવ્યું એનું કારણ પણ સ્પષ્ટ છે.

જામનગરના સંઘે, સાગરજીના વ્યાખ્યાનનો બહિષ્કાર કર્યો છે. કોઇપણ સ્ત્રી પુરૂષે સાગરજીના વ્યાખ્યાનમાં ન જવું, એની ઉદ્દઘોષણા કરી છે. અને એ ઉદ્દઘોષણાનો પુખ્ત રીતે અમલ થઇ રહ્યો છે.

અત્યારે સાગરજી વ્યાખ્યાનની પાટ ઉપર બેસીને, એમના બે ચાર અંધ ભક્તોની આગળજ ગોળા ગબડાવે રાખે છે. જામનગર જેવી જૈનપુરીમાં આ બીના ખરેખર ચોંકાવનારી છે. સાગરજી પોતાની આ નિર્જન પ્રાયઃ પર્ષદા સંબંધી, આવું અરણ્ય રૂદન જેવો વિલાપ કરવા સિવાય બીજું શું કરી શકે? તેમના પ્રવચનમાંના શબ્દોજ તેમની મનોદશાનું ચિત્ર ખડું કરે છે.

જ્યારે જામનગરનો આખોય સંઘ એમના વ્યાખ્યાનમાં નથી જતો, અને માત્ર બિનજવાબદાર બે ચાર વ્યક્તિઓ જાય છે ત્યારે તેમને પોતાના અને પોતાના ભક્તોના મનના સંતોષની ખાતર "સંઘની વ્યાખ્યા પણ પોતાની આધુનિક સ્થિતિને અનુકૂળ હોય, એવી શોધી કાઢવી પડી છે. કહે છે કે–

"એકજ સાધુ એકજ સાધ્વી, એકજ શ્રાવક, એકજ શ્રાવિકા હોય, તો પણ જે **આજ્ઞાએ સહિત** હોય તેને સંઘ કહેવો, બાકીનો **આજ્ઞાથી રહીત** સાધુ આદિનો મ્હોટો સમુદાય હોય તો પણ તેને હાડકાંનો ઢગલો કહેવો પૃ. ૨૬"

બરાબર છે, આવાં વાક્યો શોધી કાઢીને મનને સંતોષ વાળવા સિવાય બીજો શો ઉપાય? તેમ છતાં એમ પૂછીએ છીએ કે "**આજ્ઞા સહિત**" અને **આજ્ઞાએ રહિત** કોણ છે? એનો નિર્ણય કરવાનું આપનામાં સામર્થ્ય છે ખરૂં કે? આપ જેટલું કરો–કહો **એ બધું આજ્ઞા સહિત,** અને બીજાઓ જે કહે, કરે એ આજ્ઞા રહીત એમ જો આપ માનતા હો, તો સમજી રાખશો કે–આપનું એ મિથ્યા-

ભિમાનજ આપનું આજ્ઞા રહિતપણું જાહેર કરે છે, અને વાત પણ એમજ છે. આપના આ મિથ્યાભિમાન અથવા જૈન પારિભાષિક શબ્દમાં કહીએ તો આપના અભિનિવેષિક મિથ્યાત્વના કારણેજ આજે જૈન સમાજમાં કલેશનો દાવાનળ સળગી રહ્યો છે. અને આખા સાધુ સમુદાયમાં પણ સંગઠન થતું નથી, કારણ કે—આપને આપનું મનનું ધાર્યું કરવું છે "સાચું તે મારૂં" એમ નહિ પરન્તુ "મારૂં તે સાચું" એમ માનીને સમાજના કલ્યાણનો માર્ગ આપને લેવા દેવો નથી, તેમ 'સ્વર્ગ' અને 'નરક'-ની ચાવીઓ, આપની પાસે હોવાનો આડંબર કરી લોકોને ભડકાવવા છે; પરન્તુસાગરજી મહારાજ, આ અઢારમી સદીનો જમાનો નથી આ તો વીસમી સદીનો જમાનો છે. 'સ્વર્ગ' કે 'નરક' એ આપની સત્તાનો વિષય નહિ પરન્તુ સૌ સૌના પુણ્ય પાપનો વિષય છે, એમ એક બાળક પણ સમજી ગયેલ છે. 'સમકિત' અને 'મિથ્યાત્વ' એ આપની ઝોળીની વસ્તુ નહિ, પરન્તુ સૌ સૌના આત્માની વસ્તુ છે એવી સહુને ખબર પડી ગઇ છે, એટલે આપના આવા વ્યર્થ પ્રલાપો કિંવા અરણ્યરૂદનોની અત્યારની પ્રજા ઉપર કંઇ પણ અસર થાય એમ નથી, એ આપ નિર્વિવાદ સમજી રાખશો આપની પ્રકૃતિ—સ્વભાવ અને કાર્યોના પરિણામે આજે આપનું સ્થાન કયાં છે. તે વિચાર કરશો. અસ્તુ.

શી. દીક્ષા ભક્ત.

---

# આ તે શાસનની ઉન્નતિ કે અવનતિ?

## સમાજમાં આવેલી જાગૃતિને યોગ્ય રસ્તે દોરવાની સુંદર તક.

વર્તમાન સમયમાં જૈન સમાજમાં જે કલેશમય વાતાવરણ ફેલાઈ રહ્યું છે તેમાં આશ્ચર્ય પામવા જેવું કાંઈ નથી. ઇતિહાસ ઠેર ઠેર સાક્ષી પુરી રહ્યો છે કે જ્યારે જ્યારે ધર્મ ગુરૂઓને સમાજમાં પોતાની સત્તા અને મોભો શિથિલ થતો લાગે છે ત્યારે ત્યારે તેઓ પોતાના અમુલ્ય (?) શસ્ત્રો જન સમુહને ભોળવવા ફેંકે છે, આવી નીતિનો ઉપયોગ કરવાનું તેઓ રાજી ખુશીથી કદી બંધ કરતા નથી, પરંતુ જ્યારે તેમને ચુપકીદી રાખવાની ફરજ પડે છે ત્યારેજ જંપે છે, આપણા સમાજમાં પણ કેટલાક સાધુઓની હાલની પ્રવૃત્તિઓથી શાસનની શોભા વધી છે કે કેમ તે જુદી જુદી દ્રષ્ટિ બિંદુએ તપાસવાની ખાસ જરૂર છે અને તે ઉપર યોગ્ય વિચાર કરતાં ખાત્રી થાય કે તેથી શાસનની હેલના થઇ રહી છે તો તેવી પ્રવૃત્તિઓના ઉત્પાદક ઉપર મજબુત હાથે અંકુશ મુકવાની ફરજ આવી પડે છે. અને આ માટે સામુદાયિક પ્રયત્નો થવા જોઇએ. નહીં તો જુઠા જવાબ સ્તુત્ય પ્રયાસોને આગે પણ સ્વાર્થી લોકો ગેર સમજુતી ફેલાવવામાં ફાવી જાય છે.

આપણને કહેવામાં આવે છે કે જૈન ધર્મમાં ધાર્મિક તેમજ વ્યવહારિક વિષયો પરત્વે જેટલી ગંભીરતા અને ઝીણવટથી ઉલ્લેખ કરવામાં આવ્યું છે તેટલી સ્પષ્ટ રીતે બીજા કોઇ ધર્મમાં બતાવવામાં આવ્યું નથી. તે છતાં જૈને-તરની દૃષ્ટિએ આપણો સમાજ આટલો બધો વગોવાય છે તેનું કારણ શું? મારા માનવા પ્રમાણે 'વચન નિરપેક્ષ વ્યવહાર જુઠો કહ્યો, વચન સાપેક્ષ વ્યવહાર સાચો' એ પાઠ જાણતા, કંઠે બોલતા છતાં આપણે વર્તનમાં મુકયો નથી, આપણી મનોદશા એટલી સંકુચિત બનાવી દેવામાં આવી છે કે આપણે એક સવાલની બીજી બાજુ જોઈ શકતા નથી અને કોઇ તે બતાવે તો જોવાની કે સમજવાની ધસીને ના પાડીએ છીએ, આનું પરિણામ એ આવ્યું છે કે આપણે તદન પરાધિન થઈ ગયા છીએ અગર કોઇનું હથિયાર બની, સ્વતંત્ર અભિપ્રાય બાંધી શકતા નથી. ધર્મ એ શ્રદ્ધાનો વિષય છે એટલાજ માટે તેમાં બુદ્ધિને સ્થાનજ નથી એવું કાંઇ નથી. જે પ્રશ્નનો જવાબ બુદ્ધિ ગમ્ય હોય તેની ઉપર તેવી રીતે ચર્ચા કરનારને 'દુર્લભ બોધી' નો સિરપાવ આપનાર પોતે તે કેટલા સાચા હૃદયથી તેમ બોલી શકે છે તે પોતાના જીવન વ્યવહારના અનુભવથી અજાણ્યા નહી હોય.

હાલના વિવાદના પ્રસંગે બે પક્ષકારોને, એક અમુકને માનનાર અને બીજો અમુકને માનનાર એવું કહેવાને બદલે એક અમુકનો વિરોધી અને બીજો અમુકનો વિરોધી છે એમ કહેવું વધારે બંધ બેસતું લાગે છે, કારણ કે અત્યારે 'માનવાને' બદલે સામા પક્ષની હાંડી પીટીને નિંદા કરવાની સ્વચ્છંદતા વધારે જોવામાં આવે છે. બીન જવાબદાર વ્યક્તિઓ, પોતાને મનગમતું તખલ્લુસ ધારણ કરી, —સત્યવાદી દુર્ગોત જૈન, શાસનપ્રેમી, જાણકાર, વિગેરે વિગેરે નામથી છાપા તથા હેન્ડબીલો દ્વારા કુસંપ વધારી રહ્યા છે, ખુલાસા જાહાર પાડનારે અને માગનાર છુપા નામથી, અગર સમાજને તેના ખરા વ્યકિતત્વ ઉપર પ્રકાશ ન પાડે તેવી સંજ્ઞાથી વસ્તુસ્થિતિ વધારે કફોડી બનાવી રહ્યા છે, સમાજ માટે મોટામાં મોટી અફસોસની વાત એ છે કે જે સાધુઓ એકાંત દ્રષ્ટિએ ત્યાગની વાતો કરે છે પણ શ્રાવકોની આવશ્યકતા પ્રત્યે ઉદાસીનતા રાખવાના બ્યુગલો ફુંકી રહ્યા છે તેઓજ પોતાની કારવાહીથી ખાતામાં ઘી હોમી રહ્યા છે, પવિત્ર વ્યાખ્યાનપીઠ ઉપરથી અહિંસા અને શાસનના નામે કેળવાયેલા વર્ગ અને સામા પક્ષની કબરો ખોદવાની ઉશ્કેરણી કરી રહ્યા છે. તેમના જેવી માન્યતા નહિ ધરાવનાર, બીજા મુનિરાજોને ઉતારી પાડવા અનેક આરંભ સમારંભ કરી રહ્યા છે. આટલેથી નહિં અટકતાં શાસ્ત્રોના અહોનિશ અભ્યાસથી સરસ્વતી દેવીએ તેમને મોક્ષની કંઇ ઝાંખી કરાવી હોય તેવા અભિનયથી સ્વર્ગ અને નર્કના અધિકારી અત્યારે કોણ કોણ છે તેની નામાવળિ પણ પ્રસંગ પ્રમાણે બહાર પાડતા રહે છે, સમાજ પ્રાયે એટલો કાયર બની ગયો છે કે નરકનું નામ દેતાં તે ભડકે છે, એટલે વર્તમાન કાળમાં રામની ટોળીમાંજ ભળી જવાથી સ્વર્ગના દ્વાર ખુલ્લાં થઇ જાય છે એવું માનનારાઓને આ સોનેરી તક આવી છે, ભલે તેવા સાધુઓ તેમજ તેમની હરેક પ્રવૃત્તિઓને વધાવી લેનારા આ હકીકતનો ઇનકાર કરે પરંતુ સમાજે જે દેખ્યું છે તે ઉપરથી સાબીત થયું છે કે આ છિન્ન ભિન્નતા માટે મુનિ રામવિજયજી અને તેમના જેવી મનોદશા ધરાવનાર સમુદાયજ જવાબદાર છે. આવા સાધુ જે પોતાની બધી પ્રવૃત્તિઓને શાસ્ત્ર સમ્મત જણાવે છે તેમની મુંબઇમાં પહેલી વારની પધરામણી થતાંની સાથે સમાજમાં આટલી હદ સુધી દાવાનળ પ્રસરે તો તેમણે જે પદ્ધતિએ કામ લેવા માંડયું છે. તેનોજ દોષ ગણાય, જો તેમ ન હોય તો અહિંસાના અખંડ ઉપદેશક

શાસન પ્રેમીનો દાવો કરનારની કારવાહીને કારણે ઝેર અને વેર શમી જવાને બદલે ઉલટા વધેતો તેપણ અહિંસાનું એક અંગ હશે એમ માનવું પડશે.

જેમને બધી બાબતોમાં વ્યવહાર તરફ દુર્લક્ષ આપીને પોતાના કાર્યને શાસ્ત્રનો આધાર બતાવવાના કોડ હોય તેઓ તો ભલે તે પ્રસંગોમાં પોતે શાસ્ત્ર સંમ્મત કહે છે અને કરે છે તે સાબીત કરવા માટે હવામાં પણ બાચકા ભરવા ચુકશે નહિં. અને તેમ કરતાં તેમને કોઇ રોકી શકવાનું નથી. પરન્તુ શ્રાવક વર્ગે તેવા સાધુઓની દીક્ષાઘેલછાને વ્યવહારીક દ્રષ્ટિએ પણ તપાસવાની છે, ધર્મની બડાશો મારવાથી કે શુષ્કક્રિયા કાંડમાં સંતોષ માની બેસી રહેવાથી આપણું હવે કંઇ વળવાનું નથી. (ચાલુ)

ચીમનલાલ મોતીલાલ પરીખ.

# મુંબઈ જૈન યુવક સંઘની
## સામાન્ય સભા.

શ્રી મુંબઇ જૈન યુવક સંઘની સામાન્ય સભા તા. ૧૫-૯-૨૯ રવિવારના રોજ શ્રી માંગરોળ જૈન સભાના હોલમાં મળી હતી જે વખતે શ્રી ઉમેદચંદ દોલતચંદ બરોડીઆને પ્રમુખ સ્થાને નીમવામાં આવ્યા હતા. ગઇ સભાનો વૃતાન્ત વંચાઇ રહ્યા બાદ **બાબુ જતીન્દ્રદાસના** અવસાન સંબંધમાં નીચેનો ઠરાવ સર્વાનુમતે પસાર કરવામાં આવ્યો હતો.

“ દેશભક્ત **બાબુ જતીન્દ્રદાસે** દેશ ખાતર ત્રેસઠ ઉપવાસ કરીને પોતાના પ્રાણની આહુતિ આપી તેમના શોકજનક અવસાન માટે આ સભા અન્તઃકરણપૂર્વક દિલગીરી પ્રદર્શિત કરે છે અને દેશના યુવકોને તેમનું અનુપમ દ્રષ્ટાન્ત ધ્યાનમાં લઇને દેશોદ્ધારના કાર્યમાં કટિબદ્ધ થવા આગ્રહ કરે છે ”

ત્યાર બાદ સભ્યોને વર્તમાન સ્થિતિ ઉપર ઉપસ્થિત થએલા પોતાના વિચારો નિવેદન કરવાનું પ્રમુખ તરફથી નિમંત્રણ થતાં કેટલાક ભાઇઓએ વિવેચન કર્યાં હતાં. વિવેચનનો મુખ્ય વિષય મુનિ રામવિજયજીના સાધુપણાની યોગ્યતાના સંબંધમાં હતો. અને જે કાંઇ તેમના વિષે જાણવામાં સાંભળવામાં તેમજ અનુભવવામાં આવ્યું છે તેનો સમગ્ર રીતે વિચાર કરતાં જો બધા ભાઇઓને એમ લાગે કે તેમનું સમગ્ર વર્તન જૈન સાધુ પદને શોભાવનારૂં નથી. તો પછી તેમને આપણે અસાધુ તરીકે જાહેર કેમ ન કરવા આ પ્રશ્ન આખી ચર્ચાનો મુખ્ય વિષય થઇ પડ્યો હતો. સાથે યુવક સંઘના વિશેષ પ્રચાર અર્થે કેટલીક ઉપયોગી સૂચનાઓ કરવામાં આવી હતી. સંઘના મંત્રીએ પ્રસ્તુત વિવેચન ઉપર કાર્યવાહક સમિતિ પુરી ગંભીરતાથી વિચાર કરશે અને જરૂરી બાબતોમાં યોગ્ય નિર્ણય કરશે એમ જણાવ્યું હતું. પ્રમુખે સર્વ ચર્ચાનો યોગ્ય ઉપસંહાર કર્યો હતો અને ત્યાર બાદ સભા વિસર્જન કરવામાં આવી હતી.

## બીજી જૈન યુવક પરિષદ ક્યાં ?

**શ્રી મહાવીર જૈન વિદ્યાલયના મા. સુપરિન્ટેન્ડેટ સાહેબના અધ્યક્ષપદ હેઠળ, જૈન યુવક પરિષદની, પ્રથમ બેઠક ભાવનગરમાં મળ્યાને વર્ષો વીતી ગયા. પછી બીજી પરિષદ ન ભરાઇ.**

**પરિષદની હસ્તિ બરાબર ચાલુ હતે તો અત્યારના મામલામાં ઉપયોગી થતે.**

**સાંભળવા મુજબ પરિષદના લગભગ તમામ સૂકાની સાહેબો મુંબઇમાંજ બીરાજે છે. તો તેઓ સૌ સાહેબોને માનપૂર્વક વિજ્ઞપ્તિ કરીશ કે, બીજી પરિષદ, બની શકે તો મુંબઇમાંજ ભરવા વિચારણા કરે, અને તેની બેઠક બોલાવવા યોજના કરે.**

ડૉ. ગુલાબચંદ મુ. બાવીશી આફ્રિકાવાળા.
M. D. H. Etc.

આ પ્રશ્ન ઉપર દરેક સ્વજનાદ્ગુરુકને વિચારો મોકલી આપવા વિનંતી છે.

લી. પ્રકાશક.

## જુઓ યંગમેન્સ જૈન સોસાયટીના રંગઢંગ.

**તા. ૧૨-૯-૧૯૨૯ ના મુંબઇ સમાચારમાં નોટીસમાં જણાવે છે કે સોસાયટીના સભાસદોની તથા એના કાર્યો તરફ સહાનુભુતી દર્શાવનાર શાસન પ્રેમી બંધુઓની એક જાહેર સભા × × મળશે.**

**તા. ૧૬ મીના મુંબઇ સમાચારમાં તથા હેંડબીલ દ્વારા તે સભાનો હેવાલ છપાવે છે તો તેમાં જણાવે છે કે જૈનોની જાહેર સભા મળી હતી.**

**તે સભા કોની ગણવી ? ઠરાવ કોના ગણવા ? તે સમાજે હવે સારી રીતે સમજી લેવાની જરૂર છે.**

## સુચનાઓ.

(૧) આ પત્રિકા ચાર માસ માટે શરૂ થઇ છે. લવાજમ બાર આના.

(૨) ગ્રાહકોએ પોતાનું લવાજમ તાકીદે મોકલી આપવું. છઠ્ઠો અંક વી. પી. થી મોકલી આપવામાં આવશે ગ્રાહક ન રહેવા ઇચ્છનારે પ્રથમથી જણાવી દેવા વિનંતિ કરવામાં આવે છે.

(૩) પત્રિકા સબંધી સઘળો પત્ર વ્યવહાર નીચેને સરનામે કરવો (જમનાદાસ અમરચંદ ગાંધી, ૧૮૦ વસીવામલ બીલ્ડીંગ જકરીઆ મસજીદ, મુંબઇ.)

(૪) ભાવનગરના અમારા એજન્ટ વડીવાળી મણીલાલ ઘેલાભાઇ ઠે. હેરીસ રોડ.

આ પત્રિકા ધનજી સ્ટ્રીટમાં આવેલા **જૈન** ભાસ્કરોદય પ્રેસમાં મનસુખલાલ હીરાલાલે જમનાદાસ અમરચંદ ગાંધી માટે છાપી, અને તેણે જૈન યુવક સંઘ માટે પ્રીન્સેસ સ્ટ્રીટ મનહર બીલ્ડીંગમાંથી પ્રસિદ્ધ કરી. મુંબઇ, નં. ૨

યુવાન નવ સૃષ્ટિનો સરજનહાર છે.

વ્યર્થ શરસંધાન. Reg. No. B. 2616


# મુંબઇ જૈન યુવક સંઘ પત્રિકા.


| | | |
|---|---|---|
| અંક ૫ મો. | સંવત ૧૯૮૫ ના ભાદરવા વદ ૧૦ શનીવાર<br>તા. ૨૮-૯-૨૯ | લવાજમ છુટક નકલ<br>અડધો આનો. |


## હું દિક્ષાની જાળમાં કેમ ફસાયો ?

### એક જૈન યુવકની આપવીતી.

### બીજા જુવાનોને ચેતવણી.

હું મૂરતીપુજક જૈન છું. ઉમર વરસ આશરે ૧૭-૧૮ છે. ગુજરાતનાં આવેલાં પાટણ તાબાના એક ગામડાનો રહીશ છું. મારા મા બાપ મારી ૧૧-૧૨ વરસની ઉમરે ગુજરી ગયા છે, બીજો ભાઇ અગર બહેન પણ નથી, સંસારમાં એક મામો છે. પણ કાકા મામા કહેવાના તે કહેવત અનુસાર મારૂં કોઇ સગું નથી. દેશમાં કાંઇ નીર્વાહનું સાધન નહીં હોવાથી સંવત્ ૧૯૮૫ના કારતક માસમાં કમાવા સારૂ મુંબઈ આવ્યો. કેટલેક મહીના રખડયા બાદ રૂ. ૨૫ ના પગારથી નોકરી મળી, પરન્તુ નસીબ બે ડગલાં આગળનું આગળ એટલે અઢીક મહીના તે નોકરી કરી ત્યાંથી રજા મળી. વળી પેટનો ખાડો પુરવા બીજી નોકરીની તપાસ માટે બહુ રઝળ્યો. ઓળખીતાને ભલામણ કરી પણ ક્યાંઇ પત્તો લાગ્યો નહી. ધર્મ ઉપર પ્રથમથી મને શ્રદ્ધા હોવાથી લાલબાગમાં દેવસેવા કરવા જતો, તે અરસામાં મુની શ્રી રામવીજયજીનું લાલબાગમાં આગમન થયું. મને પણ આખો દીવસ વગર નોકરીએ ક્યાં કાઢવો તે મુશ્કેલી હતી, એટલે સવારના વ્યાખ્યાનમાં બેસી વખત પસાર કરતો અને મુનીશ્રીને હળતો મળતો થતો ગયો. કોઇ સદગૃહસ્થના જાણવામાં આવ્યુ કે આ છોકરો નાસરક્ષ છે અને હુશીયાર છે તેથી દીક્ષાને લાયક છે. આ વાત મુનીશ્રી રામવીજયજીના કાને નાંખી. મુનીશ્રીની આંખમાં હું આવી ગયો પછી તો બહુ પ્રેમ-ભાવથી મારી ઉપર દીક્ષાના વચનામૃતો સંભળાવવા શરૂ થયાં. હું પણ લલચાયો કારણ મને તો સંસારમાં એકલા રહી મહેનત કરી પેટનો ખાડો પુરવા કમાવા કંટાળો આવ્યો હતો. એટલે આ વગર મહેનતે રોજ માલમીષ્ટાન મળે તે શું ખોટું ? વળી જીંદગીનું પણ સાર્થક થાય. એમ ધારી મેં પણ દીક્ષા પ્રકરણમાં ઝંપલાવવા મન સાથે દૃઢ નિશ્ચય કર્યો. મારા ખાવા-પીવાની કપડા-લતાની વ્યવસ્થા એક પાટણના શેઠીઆ તરફથી થતી હતી, અને મારા ઉપર મુનીશ્રી બહુ પ્રેમભાવ દેખાડવા લાગ્યા. મુંબઇમાં સાધુઓના બે પક્ષ છે, સામા પક્ષમાં હું ન જાઉં આવું, અગર તો અંહીની બાતમી ત્યાં ના પહોંચાડું તે બાબત મારા ઉપર ચોકી પહેરો રહેતો. મુનીશ્રી સુમીત્રવીજય પધરાં ઉઠાવી ગજંતી કરી ગયા તેમાં તારીજ હાથ છે. તેજ સામા પક્ષને મળી જઇ નસાડવામાં મદદ કરી છે એવા આક્ષેપો મારા ઉપર થવા લાગ્યા. હું તો આ બાગત કાંઇ જાણતોજ નહોતો. મારા ઉપર અવિશ્વાસ બેઠો. મને કાઢી મુકવા પ્રયત્ન થવા લાગ્યા. સામા પક્ષ વિરૂદ્ધ બહુ ચળવળો થવા માંડી. મુનીશ્રી વલ્લભવિજયસૂરી જેવા સાધુ પુરૂષની ખોટી નિંદા મારાથી સહન થઇ શકતી નહોતી, એટલે હું પણ આમાંથી કેમ છુટવું તે તજવીજમાંજ હતો. ભાદરવા સુદ ૬ ના વરઘોડા નીમીતે બધા સાધુ મુનિરાજો તેમજ ચોકીવાળા ભાઇઓની વરઘોડામાં હાજરી હોવાથી તે તક નો લાભ લઇ હું છુટો થયો. છુટો થયા, બદલ ઇશ્વરનો પાડ માનું છું, પરંતુ મારા જેવા બીજા બે પક્ષી હજુ દીક્ષાની જાળમાં આબાદ ફસેલા છે. ઇશ્વર તેઓને સદબુદ્ધી આપે, અને મારી જેમ છુટા થઇ જાય. અગર તેમના મા બાપ વાલી વારસો તેમને છોડાવી લે. આ બેમાંથી એક ભાઇની ઉમર લગભગ વીસ વરસની હશે. મેટ્રીક થએલ છે. ખાદીધારી છે. વઢવાણ તરફના રહીશ છે. બીજાનું નામ જાણું છું, પણ તેમની બીજી કોઇ હકીકત જાણતો નથી.

લી૦ સેવક,

રમણલાલ છોટાલાલ.

ચીંચપોકલી.

( હીંદુસ્તાન તા. ૨૫-૯-૨૯ ઉપરથી )

# શ્રીમાન રામવિજયની વાગજાળ.

જૈન સમાજની છડેચોક અને અનુચિત બદનામી કરનાર, જૈન સમાજના મોટા ભાગની ઘોર ખોદવાની મહેચ્છા રાખનાર ઝઘડાં અને દારૂના પ્રકરણથી પ્રખ્યાતી મેળવનાર શ્રીમાન રામવિજયજી લાલબાગના વ્યાખ્યાન પીઠ ઉપરથી પ્રશ્નકારોને કેવી રીતે ઉડાવે છે, તે પ્રવચનના ગયા અંકમાં "હેમચંદ્રસૂરી ઉપર ગંભીર આરોપ" એ પેરેગ્રાફના મથાળા નીચે જે લખાયું છે, તે તપાસતાં જણાઇ આવે છે.

સમાજની આર્થિક સ્થિતિના સંબંધમાં વિવેચન કરતાં પંડીત લાલને કહ્યું કે "સાધર્મિઓના દુઃખ દુર કરવા હેમચંદ્રસુરિએ કુમારપાળ પાસે પાનકોરાના કપડાની માગણી કરી હતી."

આ સંબંધમાં જાણતાં છતાં પવિત્ર કપડાં (ખાદી) પહેરવાની અશક્તિ હોવાને લીધે, અને અનેક પંચેન્દ્રિય જીવોના ઘાતથી લોહી અને માંસની કાંજીથી તૈયાર થતાં બારીક ને સુંવાળાં કપડાં પહેરવાના મોહથી એટલા તો ટેવાઇ ગયા છે કે હિંસાનો વિચાર કર્યા સિવાય એ પરદેશી કપડાની વકીલાત કરવા ખાતર જાણે પાનકોરા (ખાદી) નું નામ સાંભળી સુગ ચડતી હોય તે ગોપવીને જનતાને ઉંધે રસ્તે લઇ જઇ પંડીત લાલનના પ્રશ્નને ઉડાવી દઇને જણાવે છે કે—

"હેમચંદ્રસુરીશ્વરની વાત એટલી અધુરી અને ઉપજાવી કાઢેલી છે" પણ આવી રીતે ગોળ ગોળ વાતો કરવાથી જનતા છેતરાય તેમ નથી. જનતા તમારૂં ઉપરનું કથન સત્ય ત્યારેજ માને કે એ સંબંધમાં તમારી પાસે જે આધાર હોય તે શ્રોતાઓ આગળ રજુ કર્યો હોત પણ જેને ખાદીનું નામ સાંભળી સુગ ચડે છે, સમાજના હિતની વાત સાંભળી કંપારી છુટે છે તેવા મનુષ્યો સાચી વાત કરવાને બદલે આડા અવળા બીજા બાનાઓને ચર્ચી, મૂળ પ્રશ્નને ઉડાવી દે છે, આ હકીકત તે પારીગ્રાફમાં આગળ વાંચનારને સહેજે માલુમ પડી આવશે. વકીલાતને આ હકીકતને અંગે કાંઇ પણ સંબંધ નહિં છતાં વકીલના દોષોનુંજ વિવરણ કરવામાં વ્યાખ્યાનના મોટા ભાગને રોકયો છે અને તેથી આડકતરી રીતે કેળવાયલાઓ ઉપર તેમને કેવી પ્રીતિ છે; તેનું દ્રષ્ટાંત પુરૂં પાડયું છે.

હેમચંદ્રસુરિની વાત ઉપરથી મુનશીએ રાજાધીરાજના પુસ્તકમાં હેમચંદ્રસુરિને અંગે જે લખાણ કર્યું છે તેને માટે કોઇએ પ્રશ્ન પુછયો તે પ્રશ્નના જવાબમાં પણ કેળવાયલાઓએ આ બાબતમાં કાંઇ કર્યું નહિં એવો આક્ષેપ ખુલ્લી રીતે એમણે કર્યો. અમો મુનિશ્રીને પુછવા માંગીએ છીએ કે મુનશી પ્રશ્નને અંગે તમોએ અને તમારી સોસાયટીએ અત્યાર સુધી શું કર્યું છે અને કેવી સફળતા મેળવી છે; તેનો પુરાવો આપ્યો હોત તો સમાજને સંતોષ થાત; સોસાયટીનો તો એક ઉદ્દેશ છે કે "જૈન ધર્મ ઉપર થતા આક્ષેપોનો સચોટ પ્રતિકાર કરવો." આ ઉદ્દેશો શું કાગળ ઉપર શોભા માટે રાખવામાં આવ્યા છે? સોસાયટીનો ઉપયોગ તો સમાજમાં ભાઇએ ભાઇઓને લડાવવામાં સમાજમાં વેર ઝેરના અંગારા વેરવામાં, અને જૈન સમાજની જૈનેત્તરોમાં હાંસી કરાવવાનો હોય એટલે મુનશી પ્રકરણને અંગે સફળતા મેળવવા પૂરતો પ્રયાસ સોસાયટી કઇ રીતે કરી શકે?

હવે મૂળ પ્રશ્ન ઉપર આવીએ, શ્રીમાન્ રામવિજયજીના જ્ઞાનના બણુગા લાગતા વળગતા તરફથી ફુંકાયા કરે છે! અમો અજાયબ થઇએ છીએ કે તેઓ સોળમાં સૈકામાં થઇ ગએલા શ્રી તપગચ્છ અગ્રણીય શ્રી નંદિરત્ન ગણિના શિષ્યરત્ન પંડિત શ્રી **રત્ન-મંદિર-ગણિએ** બનાવેલો સીધી અને સાદી ભાષામાં રચાયલો, અને સામાન્ય જૈનોમાં પ્રસિદ્ધિ પામેલો એવો ઉપદેશ તરંગિણી ગ્રંથને વાંચવાને ભાગ્યશાળી થયા ન હોય.

એમના પંદર વર્ષના દીક્ષા પર્યાયમાં ઉપદેશ તરંગિણી જોયો હોત તો પંડિત લાલનના મુદ્દાને ખોટી રીતે ઉડાવી દેત નહિં: ઉપદેશ તરંગિણિ પાનું-૨૫૮ મે ગ્રન્થકાર શ્રી સંઘનું વર્ણન કરતાં નીચે મુજબ લખે છે:—

એક દિવસ હેમસૂરિ શાકંભરી નગરીમાં પધાર્યા, ત્યાં નિર્ધન ધનીકે પોતાને ઓઢવાને માટે પોતાની ધર્મપત્નિએ કાંતેલા જાડા સુતરનું બનાવેલ પાનકોરા (કોરી ખાદી) સૂરિજીને વહોરાવી, પાટણમાં પ્રવેશ સમયે શ્રીકુમારપાળ પ્રમુખ છર રાજાઓ તેમજ છાડાકુબેર વગેરે અઢાર હજાર વ્યવહારીઓ પોત પોતાની રૂદ્ધિપૂર્વક સન્મુખ આવ્યા ત્યારે ગુરૂવર્યે એજ તાપડાથી પણ અધિક જાડું ખાદી વસ્ત્ર ઓઢી લીધું ત્યારે રાજાએ કહ્યું કે આપ પૂજ્ય મારા ગુરૂ છો, આવી જાતનું વસ્ત્ર આપ ઓઢો એથી અમને લજ્જા આવે છે, ગુરૂદેવે જવાબ આપ્યો કે તું રાજ્ય કરે છે ત્યારે પણ તારા સાધર્મિક બંધુઓ આવી રીતની દરિદ્રતાથી દુઃખી હોઇ કષ્ટે નિર્વાહ કરે છે, તો ત્યાં તને કેમ શરમ આવતી નથી? અમારે તો સામાન્ય વેશમાં ગુરૂતાજ છે, કેમકે સર્વજ્ઞે એવો આચાર કહ્યો છે.

"ત્યારબાદ સંઘના ઉપર વત્સલતા થવાથી બધા સાધર્મિકોનો ઉદ્ધાર કરવા માટે હજાર દીનાર મારે આપવા, એવો રાજાએ અભિગ્રહ ધારણ કર્યો. એ પ્રમાણે એક વર્ષમાં સાધર્મિકોને કરોડ દીનારનું દાન દીધું. એમ ચૌદ વર્ષમાં ચૌદ કોટિ દીનાર દીધા!

વિશેષ રૂષભદાસ કવિ 'કુમારપાળરાસ ખંડ બીજો પાન ૧૮ (આનંદ કાવ્ય મહોદધિ ૮ મું) માં આ બાબતને પુરતો ટેકો આપે છે.

આ બધી વાત શું સુચવે છે કે સમાજની આર્થિક સ્થિતિની ખબર રાખવી, રાજાઓને તથા ધનિકોને પોતાના સાધર્મીઓની સ્થિતિ સુધારવા ઉપદેશ આપવો તે સાધુઓનું પરમ કર્તવ્ય છે, ત્યાગ ધર્મના ઉપદેશની કોઇ ના પાડતું નથી; પણ ત્યાગ ધર્મ સિવાય બીજો કોઇ પણ ઉપદેશ સાધુ દઇ શકે નહિં એવી મતલબના જે વિચારો મુનિશ્રી રામવિજય વ્યાખ્યાન દ્વારા ચિત્ર વિચિત્ર દલીલોથી ફેલાવે છે તે સશાસ્ત્ર નથી; આવીજ રીતે પ્રવચનમાંના વ્યાખ્યાનો હાલ સુધી મનાતી ધાર્મિક પ્રણાલીકાને ઉલટાવી કાંઇ જુદુંજ રૂપ આપવાનો આડંબર કરે છે, તે સમાજના તથા સંઘના બંધારણને ઘણું નુકશાન કરનારૂં છે. આ બાબતને અંગે હવે પછીના અંકોમાં બીજા વ્યાખ્યાનો ઉપર ચર્ચા કરવામાં આવશે.

# જૈન યુવક સંઘ.

**આત્મનિવેદન.** (૨)

જૈનયુવક સંઘના ઉદ્દેશપર ચર્ચા કરી. એના પ્રત્યેક સભ્યે એક આત્મનિવેદન કરવાની યોજના કરી છે. એ આત્મનિવેદન એટલે પોતાની માન્યતા અમુક પ્રકારની છે એની વ્યવસ્થિત સ્પષ્ટતા. એને અંગ્રેજી ભાષામાં "ક્રીડ" કહેવામાં આવે છે. સંસ્થા કે મંડળ કે સંઘની માન્યતા એક સરખી હોય તો પછી પ્રશ્નનાં નિર્ણયમાં અવ્યવસ્થા થતી નથી. આ નિવેદન બહુ વિચારવા યોગ્ય છે. આપણે એક પછી એક નિવેદનને લઇએ એટલે એના આંતર રહસ્યની ખબર પડશે અને તેપર વિચારણા થશે. એની ખુબ ચર્ચા કરવાની જરૂર છે.

૧. "વિચારસ્વાતંત્ર્યમાં હું સંપૂર્ણ રીતે માનું છું અને તેટલાજ કારણસર કોઇ પણ વ્યકિતને સંઘબહારની શિક્ષા કરવામાં આવે તેની હું વિરૂદ્ધ છું."

આ પ્રથમ નિવેદન છે. પ્રાચીન સંપ્રદાયવાળાને આ આરપાર ઉતરી જાય તેવું છે. પુરાણ રાજ્યધારીઓપર સીધુ આક્રમણ કરનાર છે અને યુવકવર્ગને હાકલરૂપ છે. નવયુગના ભાવનામાં જે ખરેખર સમજવા જેવું છે તે આ નિવેદનમાં આવે છે. ઉન્નતિના વિચારો બહુ કર્યા પણ વિચારમાં આપણે છુટ લઇ શકીએ છીએ એ વાત કદી સ્વીકારી નથી. અમુક પ્રકારની પરાધીનતા એવી આવી ગઇ છે કે આપણને અનેક રિવાજો ખરાબ લાગે, અનેક આચારો રૂઢ લાગે, અનેક ક્રિયાઓ અનિષ્ટ, બીનજરૂરી કે બોજારૂપ લાગે તો પણ આપણા સમાજના નામ ખાતર, આપણા ધર્મગુરૂઓની અપ્રિયતા ખાતર અને આપણા ખોટા બંધનો ખાતર આપણે બોલી શકતા નથી, અમલમાં મુકી શકતા નથી અને બીજાની પાછળ નિરર્થક ઘસડાઇ આપણી પ્રગતિ કરી શકતા નથી. વિચારમાં સ્વતંત્રતાની ખાસ જરૂર છે. આપણા અભ્યાસ અને અનુભવને આધીન વિચાર કરવામાં ખોટાં બંધનો આડે આવે અથવા અધુરે જ્ઞાને ગુરૂ થઇ પડેલા આપણને નચાવે એ વાત ઇચ્છવા યોગ્ય નથી.

આની સાથે એક ખાસ મહત્વની બાબત ધ્યાનમાં રાખવાની છે. રૂઢિબંધન અથવા પુરાણપ્રિયતા જેમ પ્રતિબંધક છે તેમ તદ્દન ફેંકી દેવા યોગ્ય પણ નથી. વર્ષોના અનુભવે જે વાતો ઠીક જણાઇ હોય તેને આચરવામાં માત્ર કાલ્પનિક વાંધો લેવો અને તેને અનુસરનારા પુરાણા છે એમ કહેવું તે પણ ઠીક નથી. પુરાણું તે સર્વ સારૂં એમ કહેવું તે જેમ અયોગ્ય છે, તેમ પુરાણું સર્વ નઠારૂં એમ કહેવું તે પણ અનુચિત છે. એનીજ સાથે નવીન માટે પણ તેમજ સમજવું. ઉદ્દેશ અને વિધિયમાં અત્યારના દેશકાળને અનુકૂળ અને અનુરૂપ હોય, સમાજશરીરને તંદુરસ્ત કરે તેવું હોય, વ્યકિતગત પ્રગતિને વિરોધક ન હોય અને થોડા તેને અનુસરી શકે તેમ હોય તે સર્વ વાત લક્ષ્યમાં રાખી મનોવિકાર કે વિકલ્પને અભાવે નિર્ણય કરવો અને તેવા નિર્ણયને અનુસારે ગ્રાહ્ય કે અગ્રાહ્યનો નિર્ણય કરવો. આવા નિર્ણયમાં દેશ કાળ ભાવના સૂત્રને પુર્ણ સ્થાન છે, લાભાલાભના નિર્ણયને સ્થાન છે, બીનજરૂરીના ત્યાગને સ્થાન છે, ફેરફારને સ્થાન છે, અને નિર્વિકાર નિર્ણયને ખાસ સ્થાન છે. આવા લક્ષ્યપૂર્વક નિર્ણય માટે વિચારસ્વાતંત્ર્ય જરૂર આદરણીય છે.

અગત્યની વાત એ છે કે આપણી ઉન્નતિ કઇ રીતે થઇ શકે? તે સંબંધી વિચાર કરવાની આપણને સંપૂર્ણ છુટ હોવી જોઇએ. વ્યકિતગત જીવનચર્યામાં અને સમુચ્ચયજીવનમાં મોટો તફાવત એ છે કે વ્યકિત તો પોતાના લાભાલાભનોજ વિચાર કરે અને તેવા પ્રશ્નમાં આપણે આપણોજ વિચાર કરીએ છીએ, પણ અનેક વ્યવહાર સામુદાયિક લાભાલાભના નિર્ણય અને દૃષ્ટિએજ શક્ય છે, મારે વ્યાપાર શો કરવો તે મારા હિતની નજરે નિર્ણય કરી શકું, પણ મારાં બાળ કોનાં લગ્ન કોની સાથે કરવાં તે સંબંધી મારી સગવડનો એકલોજ વિચાર ન ચાલશે; છતાં સામુદાયિક પ્રશ્નોમાં ચર્ચાને સ્થાન જરૂર રહે. એવીજ રીતે અર્થશાસ્ત્રના પ્રશ્નો, દેશહિતના પ્રશ્નો, બેન્કીંગ, વીમો, ભાગીદારી વિગેરે અનેક પ્રશ્નો સામુદાયિક નજરે ચર્ચવા યોગ્ય છે. રીત રિવાજમાં કરવા જોઇતા ઘટતા ફેરફારો સમુચ્ચયહિતની નજરે ચર્ચાય. એમાં પાછા દૃષ્ટિબિન્દુના જુદા ફેરફાર હોઇ શકે. કોઇ વખતે વિશેષ સંખ્યાના હિત ખાતર નાની સંખ્યાનો ભોગ આપવો પડે. કેટલીકવાર નાની સંખ્યા હોય છતાં પ્રગત (આગળ વધેલી) હોય અને તેના વિચારને અમુક સમય સુધી સંરક્ષણની જરૂર હોય, કેટલીકવાર અમુકને અન્યાય અટકાવવા નિયમ કરવામાં આવે ત્યાં બીજાને અન્યાય થઇ જતો હોય. આવી રીતે સમુદાયને અસર કરે તેવા પ્રશ્નોનાં ઘણાં દૃષ્ટિકોણો ધ્યાનમાં રાખવાનાં હોય છે.

એ સર્વ બાબતમાંથી એક વાત જરૂર ઉદ્ભવે છે અને તે એ છે કે સમુચ્ચય હિતમાં ખુબ ચર્ચાને સ્થાન છે અને ચર્ચા કરવા ઇચ્છનારને તે માટે કોઇપણ પ્રકારનો કલ્પિત વિરોધ ન હોવો જોઇએ અથવા તેના મનપર ખોટી અસર કરે તેવો પ્રત્યવાય તેની સામે ખડો રહેવો ન જોઇએ. વિચારસ્વાતંત્ર્યમાં મહત્તા એ છે કે એને લઇને પ્રત્યેક વ્યકિત પોતાની જવાબદારી સમજતી થાય છે અને પોતાના પ્રશ્નોનો નિર્ણય પોતે કરી શકે છે અથવા તેવા નિર્ણયમાં પોતાના અનુભવ કે વિચારને પુરતો અવકાશ આપી શકે છે એવું તેને લાગવુ જોઇએ. એમ થાય ત્યારે તે જરાપણ સંકોચ વગર પોતાના વિચારો બતાવી શકે છે.

જેમ વ્યવહારના કાર્યમાં તેમ ધર્મઅનુષ્ઠાન અને રીત રિવાજોને અંગે ચર્ચાને પુરતો અવકાશ ઘટે. એવી ચર્ચા કે નિર્ણય વખતે કોઇના મન ઉપર એવી અસર ન થવી જોઇએ કે એ બાબતમાં છુટથી પોતાના વિચારો બતાવવા જતાં સંઘબહાર થવું પડશે. પુરતી છુટથી વિચાર બતાવનારની સામે સંઘબહારનો ગાજ ઉભો હોય તો તે કદિ સ્વતંત્રતાથી બોલી શકતો નથી. વિચારસ્વાતંત્ર્યના આ યુગમાં કોઇને અમુક વિચાર કરવા કે બતાવવા ખાતર સંઘબહાર કરવામાં આવે એ વાતજ બહુ વિચિત્ર છે.

અને તેમ છતાં અત્યાર સુધી એવા ઘણા દાખલા બન્યા છે કે જેમાં સંઘબહારની સજાનો વિચારસ્વાતંત્ર્યને અંગે ભય બતાવવામાં આવ્યો છે. એનો અમલ પણ ક્વચિત્ થયો છે. એનાથી સમાજશરીરને ઘણું નુકશાન થાય છે અને થયું છે. એવી વ્યકિતઓ જાણવામાં છે કે જે વ્યકિતઓ ઘણો વિચાર કરી શકે તેવી હોય, વિચારક હોય, વિચારનિર્ણય કરી શકે તેટલી માનસિક જોગવાઇવાળી હોય, છતાં 'સંઘબહાર' થવાના ભયથી છુટથી વિચાર બતાવી શકતી ન હોય. એ બાબત આટકવીજ જોઇએ, એનો છેડો આણવો જોઇએ. સમાજનાં હિત ખાતર જેમ બને તેમ છુટથી વિચારો બતાવવાનો હક્ક સર્વ વ્યકિતને છે એમ લાગવું જોઇએ.

કોઇને એમ લાગે છે કે સર્વ વિચારો બતાવે તો તો પછી કાંઇ છેડોજ આવે નહિ. એ ભય ખોટો છે. સત્યને

વિચાર બતાવવાની છૂટ હોય એથી અનેક લાભ છે અને નુકશાન જરાપણ નથી. 'સંઘબહાર'ના શસ્ત્રનો અત્યાર સુધીમાં એટલો દુરૂપયોગ થયો છે કે હવે એવો ઠરાવ કરવામાં આવે કે મૂર્તિ ખંડન કરનાર-મૂર્તિ ભાંગનાર કે એવા અસાધારણ શાસ્ત્રવિરૂદ્ધના ગુન્હા માટેજ તે સજા કાયમ રહે. બાકી કોઇ પણ સંયોગોમાં સંઘબહાર કરાય નહિ. આપણું પોતાનું બહુ સંખ્યાબળ આપણે વેડફી નાખીએ તે હવે પાલવે તેમ નથી.

એટલા માટે વિચારસ્વાતંત્ર્ય ધરાવનાર વ્યક્તિને વિચારસ્વતંત્રતાની ખાતરજ સંઘબહારની શિક્ષા કરવાની વિરૂદ્ધ નવયુવક હોય તો તે વાત તદ્દન જરૂરી છે-ઉપયોગી છે અને અત્યારના સંયોગોને ખાસ અનુરૂપ છે. જે પદ્ધતિએ ધર્મસામ્રાજ્ય હાલ અમુક વર્ગના હાથમાં આવ્યું છે તે પદ્ધતિ વિચારતાં ત્યાં તેવા ઠરાવની ખાસ જરૂર છે. સંઘબહારના છેલ્લા પચાસ સો વર્ષના દાખલાઓ એકઠા કરવામાં આવે તો આંખમાં આંસુ આવે તેવી વાત છે. એટલા માટે એ શસ્ત્રનો વધારે દુરૂપયોગ અટકાવવાની પણ જરૂર છે અને વિચારપ્રવાહને પૂરતો અવકાશ આપવાનો વખત આવી લાગ્યો છે. એટલા માટે આ પ્રથમ નિવેદન તદ્દન જરૂરી છે.

આટલી વિચારસ્વતંત્રતા માટે વાત થઇ. બાકી જે વર્ગ અત્યારે સંઘબહારની સજા કરવાના સ્થાનમાં છે અને જેઓ તેમ કરવાનો ઉપદેશ આપે છે તેઓની મનોદશા અને સત્તાનો ઉપયોગ કરવાની રીતિપર તો બહુ ત્રાસ થાય તેવી હકીકતો છે. મતલબ 'સંઘબહાર' કરવાની વાત બહુ અસાધારણ પ્રસંગો માટે રિઝર્વ રાખી બાકી તે સજા કોઇને નજ થઇ શકે એવી ભાવના અત્યારના સંયોગોમાં જરૂર ઉત્પન્ન કરવી પડે તેમ છે. જૈનકોમને જીવનમરણના પ્રશ્નોનો હવે નિર્ણય કરવાનો છે. તેમાં આવા અભાવની ખાસ જરૂર છે. હવે દ્વિતીય નિવેદનપર જોઇએ.

૨ "જૈનસમાજની આધુનિક પરિસ્થિતિ વિચારતાં આપણા દ્રવ્યનો ઉપયોગ મુખ્યત્વે કરીને સમાજની આર્થિક અને કેળવણી વિષયક ઉન્નતિમાંજ થવો જોઇએ એમ હું માનું છું."

આ નિવેદન ઘણું મહત્વનું છે. જૈનકોમ અત્યારે વ્યાપારનાં સ્થાનો ગુમાવતી જાય છે, એની મોટી મોટી પેઢીઓ ખલાસ થતી જાય છે, કેટલાક વ્યાપારો તો જૈનોનાજ હતા તે લગભગ ખસી ગયા છે અથવા તદ્દન હાથમાંથી જવાની અણી ઉપર છે, શરાફીમાં નામ માત્ર રહ્યું છે, રૂ અને ઝવેરાત તદ્દન હાથથી ગયા છે, ગામડામાં શાહુકારીપર પાણી ફરી વળ્યું છે. એટલે આપણો મુખ્ય વ્યવસાય જતો જાય છે. આ વીસમી સદી 'મુડીદાર વર્ગ' અને 'મજુર વર્ગ' વચ્ચે મોટી યાદવાસ્થળી ઉત્પન્ન કરનારી થઇ છે, આપણો વર્ગ મુડીદાર અથવા તેની સાથે સંબંધ રાખનારો છે તેથી તેણે અત્યારના આર્થિક પ્રશ્નો ઉપર ખુબ ધ્યાન આપવાનું છે.

આર્થિક પ્રશ્નો સમજવા માટે કેળવણીની જરૂર છે, જમીન મજુરી અને મુડી અથવા ઉત્પત્તિ વહેંચણી અને વ્યયના નિયમો સમજવા માટે અભ્યાસની જરૂર છે. નવા સ્થાનો મેળવવાની વાત તો દૂર રહી, પણ જે સ્થાન થોડા વર્ષપર હતું તેટલું જાળવી રાખવા માટે પણ જૈનોએ કેળવણી ઉપરજ અત્યારે કેન્દ્ર કરવું જોઇએ. કોમના દુર્ભાગ્યે એ સંબંધમાં હજુ બહુ મોડું થઇ ગયું છે. પચીશ વર્ષના કોન્ફરન્સના પ્રયાસ છતાં હજુ કેળવણીના વિષયમાં આપણે ઘણા આગળ વધી શક્યા નથી. આપણી શક્તિઓ અર્ધ ઉપયોગી કે સાધારણ ઉપયોગી બાબતોમાં ખૂબ ખર્ચાઇ જતી હોઇ આપણે તેનો પૂરતો ઉપયોગ મુખ્ય સવાલને અંગે કરી શકતા નથી. નહિ તો જૈનકોમની સખાવત પ્રમાણે અત્યારે ગામેગામ બાલાશ્રમો હોવા જોઇએ, સ્કોલરશીપો અનેકવિધ અને અનેક સ્થાને હોવી જોઇએ, આપણા નવીન પ્રકૃતિનાં હોવાં જોઇએ અને ચારે તરફ વિકાસ દેખાવો જોઇએ, પણ એમાંનું અત્યારે લગભગ કાંઇ દેખાતું નથી એનું કારણ શું?

એનું કારણ એકજ છે કે આપણી સખાવત ઘણી મોટી હોવા છતાં એમાં વિવેક નથી. જે કાળે જે ક્ષેત્રને મદદની કે પોષણની જરૂર હોય તે કાળે તે ક્ષેત્રને વિશેષ પોષણ આપવું જોઇએ. દૂધપાક પૂરી જમીને બેઠેલા માણસને તેજ વખતે વધારે મીઠાઇ આપવામાં આવે તો કાંતો તેણે તે નકામી રાખી મૂકવી પડે છે, કાંતો તે ફેંકી દેવી પડે છે અથવા મીઠાઇના ભુખવાળા તે લુંટી જાય છે. આ સ્થિતિ અત્યારે આપણા દ્રવ્યવ્યયની થઇ રહી છે. આપણે સો વર્ષથી અંગ્રેજી રાજ્યમાં રહ્યા છતાં તેની અસર આપણા ઉપર નહિવત્ થઇ છે. આપણે જાણે કે હજુ મોગલ સમયમાંજ જીવતા હોઇએ તેવું આપણું વર્તન છે. એક સમય એવો હતો કે જ્યારે દેશની સર્વ સમૃદ્ધિ દેશમાંજ રહેતી હતી, જ્યારે એક એક શહેરે સેંકડો કરોડાધિપતિઓ રહેતા હતા, જ્યારે વર્ષો સુધી ચાલે તેટલાં અનાજ ઘાસ અને બીજી ચીજોના કોઠારો સર્વ સામાન્ય હતા. અત્યારના પ્રશ્નો આર્થિક છે, મુડીદાર વર્ગ પછાત પડતો જાય છે, મજુર વર્ગનું રાજ્ય છે. એ વખતે આપણું સ્થાન જાળવી રાખવા માટે આપણે કેળવણી ઉપરજ સર્વ શક્તિનો વ્યય કરવો રહ્યો, એટલીજ જરૂર આર્થિક ( economic ) બાબતોમાં ધનવ્યયની છે. એટલે કોઇ સારા ઉદ્યોગ શીખી તૈયાર થાય તો તેના વ્યાપારાદિ માટે ધન (મુડી) વ્યવસ્થામાં પૈસાનો ઉપયોગ થવો જોઇએ.

નિવેદન કરનાર છતાં સંભાળ રાખીને કહેતો જણાય છે કે મારી માન્યતામાં ધનવ્યય ઉપરની બાબતમાં 'મુખ્યત્વે કરીને' કરવો યોગ્ય છે એમ હું માનું છું. આટલી વાત હજુ કેટલાક અન્ય બાબતમાં થતા ધનવ્યયમાં પણ લાભ માને છે તેને રાજી કરવા માટે બારીરૂપે રાખી જણાય છે. આ જમાનાનો પ્રધાન સૂર કેળવણીજ છે અને કેળવણી ઉપરજ મુખ્ય આધાર રાખવાનો છે એ ચર્ચા કરીને નિર્ણિત થયેલી બાબત છે; છતાં કોઇ અન્ય બાબતમાં ધનવ્યય કરે તો તેના તરફ મંધરસ્થ ભાવ રાખવાનો છે. બરાબર વિચાર કરવામાં આવે તો તો જણાશે કે હાલ કેળવણી માટેજ સર્વ શક્તિનો વ્યય કર્તવ્ય છે, છતાં બની શકે તો સર્વ સમાજને સાથે રાખી તેમને સમજાવી સ્વસ્થાને રાખવાની જરૂર છે. બાકી સ્પષ્ટપણે કહી દેવાની જરૂર છે કે અત્યારે ધનવ્યય કરવામાં ખૂબ વિવેક રાખવાનો છે. આપણી શક્તિ મર્યાદિત છે, વધારે મર્યાદિત થતી જાય છે, તેવે વખતે શંકાસ્પદ ઉપયોગિતાવાળી કે ઉપર ઉપરની ધામધૂમવાળી બાબતોમાં ધનવ્યય કરવો આપણને ન ઘટે. કોઇપણ કાર્ય ખોટું છે એમ ન કહેવાય, પણ લાભાલાભની નજરે વધારે લાભ દેખાય તેવી બાબતમાં વ્યય કરવો અત્યારે આપણે માટે જરૂરી છે. અન્ય બાબતમાં ધનવ્યય કરવો તે ગુમાડો છે એમ આપણે ન કહીએ, પણ અત્યારે તેવી રીતે શક્તિનો ઉપયોગ કરી નાખવો એ ધર્મનજરે ધર્મની, ધર્મીની અને ધર્મસામ્રાજ્યની ઉપેક્ષા કરનાર છે એમ કહેવામાં જરાપણ વાંધો લાગતો નથી. શક્તિ મર્યાદિત હોય અને લાભ લેનાર મોટી સંખ્યામાં હોય ત્યારે ઉપેક્ષા પણ ગુન્હો બને છે એ વાત વીસારવા જેવી નથી.

૩. "જૈનોના સર્વ ફીરકાઓના ઐક્યમાં હું માનું છું અને તેવું ઐક્ય વધે તેવી પ્રવૃત્તિઓને ટેકો આપવો એ હું મારો ધર્મ સમજું છું."

આ તૃતીય નિવેદન છે. અત્યાર સુધી ખુબ લડયા. સ્થાનકવાસીઓના ઉપાશ્રય પાસે વરઘોડા ઉભા રાખી તેમનું ખુબ અપમાન કર્યું અને તેઓએ દેરાસરને ખુબ વગોવ્યા. દિગંબરોને નિન્હવ કહ્યા, ખરતરોને ગધેડાના દીકરા કહ્યા વિગેરે વિગેરે. મિથ્યાત્વ શબ્દનો ખુબ ઉપયોગ કર્યો અને તેમ કરવામાં જાણે આપણે ખરા 'ધર્મી' છીએ એમ આપણે માન્યું અને આપણા ઉપદેશકોએ આપણને મનાવ્યું. હવે એમ જણાય છે કે ગચ્છ અને ફીરકાઓમાં તફાવત સાધન ધર્મોનોજ છે અને સાધનધર્મ માટે લડવું એ તો સરીઆમ અજ્ઞાન છે. જો સાધ્ય સર્વનું એકજ હોય તો પછી ત્યાં પહોંચવાના માર્ગ જૂદા જૂદા લે તેમાં ઝઘડો શો? અને કોઇ એકવાર પ્રતિક્રમણ કરે ત્રણવાર પડિક્કમે અને કોઇવાર બેવાર કહે તેમાં મોક્ષ શો આઘો ચાલ્યો જવાનો હતો? એવી સાધારણ બાબતમાં ભગવાનની આજ્ઞા વિરાધન થવાનું જે કોઇ માનતા હોય તે જૈનધર્મનું વિશાળ સ્વરૂપ સમજ્યા નથી. સમજ્યા નથી એમ કહેવું હજુ જરા ગેખમભરેલું લાગે તો એમ કહીએ કે એવી બાબતને મુખ્ય કરવાની જરાપણ જરૂર નથી. એક બાબતમાં મતફેર થયો તેને ખાસ રૂપ આપવાને બદલે ૯૯૯ બાબતોમાં એકમત છીએ તેને પ્રાધાન્ય આપો. તત્ત્વો સર્વ નવજ કહે છે, મોક્ષે સર્વને જવું છે, નિગોદથી મોક્ષ સુધીના માર્ગો સર્વના એક છે. ગતિ સર્વ ચાર માને છે, ઇંદ્રિયો પાંચ માને છે અને સપ્ત ભંગી તથા સાત નયમાં કોઇને વાંધો નથી. ત્યારે વાંધો શો? પ્રભુનાં શરીરે ટીલાં લગાડવા કે નહિ, પ્રભુની આંખો ઉઘાડી હોય કે બંધ, કેવળી ખાતા હશે કે નહિ? આવા વાંધા અને તે ખાતર આપણે લડીએ!! અને સ્થાનકવાસી સાથેનો વાંધો તો માત્ર મૂર્તિપૂજાનો. તો આપણે આપણી રીતે પૂજા કરીએ અને એ લોકો માનસિક પૂજા કરે. બાકી તીર્થંકર તો સર્વને ચોવીશજ છે. ત્યારે પછી ઝગડો કેમ? આ કાળમાં તો તે અયોગ્યજ છે.

આ વિચારસરણી આગળ ચલાવ્યા વગર છુટકોજ નથી. સંખ્યાબળ ઘટતું જાય છે, વ્યાપાર હાથથી જતો જાય છે, રાજદ્વારી બાબતમાં નામ રહ્યું નથી, ત્યાં અંદરના કલેશ ઘટે? અને કલેશો જોઇએ તો વાતમાં મૂળ દ્રષ્ટિએ દમજ નહિ. માત્ર જરા વિશાળતા હોય, ભવ્ય કલ્પના હોય, પ્રભુના ઉપદેશને જરા સારી રીતે પીછાન્યો હોય, મારે મહાવીર ભાઇ નથી, કપિલ વિગેરે ઉપર મને દ્વેષ નથી એ ઉપદેશનો ગર્ભ વિચાર્યો હોય તેને કલેશ શા? અને કોને માટે? તથા કયા ભવ માટે?

એ તો ઘણા વખતથી પડી ગયેલા આંતરાને ઓછા કરવા અને ઉલટે નિર્મૂળ કરવા પ્રયત્ન આદરે અને પોતાની શક્તિ પ્રમાણે એનો અમલ કરવા કરાવવા પ્રયત્ન કરે. ઉલટે કાંઇ ન બને તો આંતરો વધે એવું કામ નજ કરે. આ તૃતીય નિવેદનના ગર્ભમાં ઘણી ઉંડી વિશાળ ભાવના રહેલી છે એ ખાસ લક્ષ્યમાં લેવા જેવું છે. જુના વિચારવાળા તો નિર્ણય કરી બેસી ગયા છે કે હિંદુ મુસલમાન કદાચ એક થાય, પણ દિગંબર-શ્વેતાંબરો તો કદિ એક થાયજ નહિ. આ તેઓનો નિર્ણય અજ્ઞાનજન્ય છે અને તેમના પૂર્વબંધ વિચારોને અમુક વર્ગ પોષી રહ્યો છે. સ્થિતિચુસ્ત સમાજમાં સ્થાપિત હકોવાળો આગેવાન ગૃહસ્થ વર્ગ અને તદ્દન પુરાણા પ્રથામાં ઉછરેલ સાધુવર્ગ એ બાબતમાં કોમ કોમમાં અંતર રાખવાનીજ વાત વધારી રહ્યો છે, એટલે બન્ને કોમ વચ્ચેનો આંતરો ઓછો કરવાનો પ્રયત્ન પ્રયોજન નથી. તેજ પ્રમાણે સ્થાનકવાસી અને મંદિરમાર્ગી વચ્ચેના તફાવતને મોટું રૂપ આપવામાં આવ્યું છે, આ સ્થિતિમાંથી બહાર નીકળવેજ છુટકો છે. એ કાર્ય નવયુગને માથે રહેશે. જરૂર કરવા યોગ્ય એ કાર્ય છે અને પ્રમાણિક પ્રયત્ન થાય તો સુસાધ્ય છે. સર્વ પોતાની માન્યતા કાયમ રાખે તોપણ એક વ્યાસપીઠ પર એકઠા મળી શકાય તેમ છે અને સર્વસંમત બાબતો ઘણી છે ત્યાં એકઠા થવાય તેમ છે અને સાથે બેસનારા મતભેદને પણ સમજાવી પચાવી સારો દિવસ નજીક લાવી શકે તેમ છે. આ નિવેદન ઘણું સુંદર છે.

૪ "સમાજમાં રહેલ અનેક હાનિકારક રિવાજો અને માન્યતાઓ અને ધર્મને નામે ચાલતો દંભ દૂર કરવા એ હું મારી ફરજ સમજું છું."

તૃતીય નિવેદન ધાર્મિક છે ત્યારે ચતુર્થ વધતું ઓછું સાંસારિક છે. ગૃહસ્થને સાંસારિક બાબતો-સામુદાયિક બાબત પણ ઘણી અગત્યની છે. કેટલાક રીત રિવાજો ઘણાં ઉંડા જડમૂળ ઘાલીને બેઠા છે અને તેથી તે આપણી સાથે એકરૂપ થઇ ગયા છે છતાં તેને દૂર કરવાની જરૂર છે. કન્યાવિક્રય, વૃદ્ધવિવાહ, રડવા કુટવાના રિવાજ, વરવિક્રય, મરણ પછી જમણવાર વિગેરે રિવાજો તો લગભગ સર્વાનુમતે હાનિકારક ગણાયા છે અને હજુ સમાજમાં તે ટકી રહ્યા છે તેજ નવાઇની બાબત છે ઉપરાંત કેટલાક સ્થાનિક રિવાજો પણ હાનિકારક માલૂમ પડયા છે. એ ઉપરાંત કેટલાક રિવાજો વિચાર કરી દૂર કરવા યોગ્ય છે. લગ્ન અને વેવિશાળનાં મર્યાદાક્ષેત્રો તદ્દન બીન જરૂરી અને વર્તમાન સ્થિતિને અનનુરૂપ છે અને તેને જલદી દૂર કરવાની જરૂર છે.

આ સિવાય કેટલાક રિવાજોમાં દેશકાળને અનુરૂપ ફેરફાર કરવા ઘટે. આપણી આર્થિક સ્થિતિને અનુરૂપ રિવાજોમાં ફેરફાર કરવો ઘટે ,અત્યારે જવા આવવાનાં સાધનો વધી ગયાં છે, અંતરોને પહોંચી વળવાનો સમય ઘટયો છે અને નકામી બાબતમાં વખત કાઢવો પાલવે તેમ નથી. જીવનની હરીફાઇ વધતી જાય છે અને લોકો નવા આદર્શો ઘડતા જાય છે. એ સમયે રિવાજો જરૂર ફરે, સંયુક્ત કુટુંબની સ્થિતિઓ ફરે, ખાવાપીવાના માર્ગોમાં ફેરફાર થાય અને સભ્યતાના નિયમો ફરે, સામુદાયિક અને વ્યક્તિગત રીતરિવાજો, મર્યાદા અને લેવા-દેવાના સંબંધમાં મોટા ફેરફાર દેશકાળને અનુરૂપ કરવાજ પડે. ઉપરાંત સ્ત્રીઓ ભણવા લાગી છે, જમાના સુધી જે મુંગી રહી છે તે હવે બોલવા લાગી છે, અત્યાર સુધી કાયદાઓ પુરૂષની અનુકૂળતાઓ જળવાય તે રીતે ઘડાયા છે, સ્ત્રીઓ સમાજમાં ભાગ લેશે ત્યારે મોટા ફેરફાર જરૂર કરવા પડશે, તેઓ પોતાના હકો બરાબર માગશે. અત્યારે હજુ તે ઓછે છે ત્યારે મર્યાદા રાખે છે, પણ તે સ્થિતિ ટકવાની નથી. આ રીતે ફેરફારો સમયને ઓળખીને કરવા તેમાં ડહાપણ છે.

માન્યતાઓમાં પણ ઘણો ફેરફાર કરવો પડશે. અત્યાર સુધી દેશની દોલત દેશમાં રહેતી હતી અને તેથી વિવેકવગર ખર્ચ કરે તો પાલવતા હતા. હવે જીવન મરણના સવાલો ઉભા થયા છે ત્યાં થોડી રહેલી શક્તિનો દુર્વ્યય ન થાય. તેવા વખતમાં માન્યતાઓ પણ જરૂર ફરે. અત્યારે સુધી જ્ઞાનનું ઉજમણું કરી તેમાં જ્ઞાનના પુસ્તકો દશ રૂપીઆના ચણીઓ અને પુંઠીયા ચંદરવામાં હજારો ખરચીએ એમાં વિવેક ન જણાય. અત્યાર સુધી પરદેશ જવાની અગવડે સંઘ સફ-વારે જતા, હવે રેલવે થતાં તેની જરૂર ન જણાય તો ખાવા-પીવાના માર્ગોની માન્યતામાં ફેરફાર થાય.

ધર્મને નામે દંભ ઘણુ ભયંકર બાબત છે. અંદર જરા પણ ભાવ ન હોય છતાં ઉપર ઉપરથી ધર્માત્મા હોવાનો દંભ ચલાવવો, લોકો પોતાને વાંદે પૂજે તે માટે ન હોય તેવા ગુણો પોતામાં છે, એવી વાતો કરવી અથવા ચાલવા દેવી અને અન્યને ઉતારી પાડવા ષડ્યંત્રો ગોઠવવા એ સર્વ દંભ છે. ધર્મને નામે, ધર્મસ્થાનોમાં અને ધર્મસંસ્થાઓમાં દંભનું કામ એટલું બધું વધી ગયું છે અને એના આકારો એટલા છે કે એ સંબંધમાં જેમ બને તેમ જલદી કાર્ય લેવાની જરૂર છે. ધર્મને અંગે એ કામ ઘટવાને બદલે વધતું ચાલ્યું છે અને ગોટા તો એટલા અને એટલી જાતના વળે છે કે ન પૂછો વાત! એ સર્વ દંભને શોધી ઉઘાડા પાડવાની જરૂર છે. એમ કરવામાં જરા ઉપર ઉપરથી ધર્મનો હ્રાસ થતો દેખાશે તો પણ ચિંતા કરવાની નથી, દંભને તો દૂર કર્યેજ છુટકો છે.

સમુદાયમાં રહેનાર અને ઉછરનાર ગૃહસ્થને માટે આ નિવેદન ઘણું ઉપયોગી અને સાધ્યલક્ષી છે

૫ "સાધુવેશમાં ફરતાં છતાં ચારિત્રભ્રષ્ટ સાધુસાધ્વીને સાધુસાધ્વી તરીકે હું સ્વીકારતો નથી."

પૂર્વ કાળમાં યતિઓ અને ગોરજીઓ ચારિત્રભ્રષ્ટ થતાં તેમને દૂર કરવામાં બહુ આકરો પ્રયાસ કરવો પડયો હતો અને જતાં જતાં સો વર્ષ થયા હતા. અત્યારે સાધુઓ શું શું કરે છે તે લખવાની જરૂર નથી. ચારિત્ર માટે ઘણું ઉંચું ધોરણ કદાચ ન રાખીએ પણ મૂળગુણમાં વાંધા જણાતાં હોય તો શા માટે ચલાવી લેવું, જ્યારે ઉંચા પદે બેસનાર સાધુઓ સ્ત્રીઓ સાથે ગોષ્ઠિ કરે, સૃષ્ટિવિરૂદ્ધ કાર્ય કરે અને પકડાય ત્યારે ગોઠ વાળે, તેવા મૂળગુણમાં ખલેલ પહોંચાડનારને કેમ નીભાવી લેવાય? અને છતાં તેવું ચાલે છે તે આપણે જોઇએ છીએ. એવા દંભી પાખંડીઓ બોલવામાં વાચાળ હોય છે તેથી પોતાનો પક્ષ ઉભો કરે છે, એવાને સાધુ નજ માનવા. પૈસા રાખનાર, વ્યાપારીને ત્યાં જમે કરાવનાર અથવા ચોથા-વ્રતમાં વાંધાવાળાને સાધુ કદિ ન મનાય. મૂળગુણ તો બરાબર જળવાવાજ જોઇએ સાધુના વેશમાં ફરનારા મોટી ખટપટો કરે, સમાજને ચક્કરમાં નાખે, ક્રોધમાનના પુતળા હોય તેને પણ સાધુ કેમ મનાય?

અત્યારે વાત એટલે સુધી વધી પડી છે કે ક્રિયાઉદ્ધાર કરવાનો સમય પાસે આવી ગયો છે. સાધુઓ એકાદ ગૃહસ્થને સાથે રાખી સર્વેને નચાવે છે અને સાચા અક્ષર કહેનારને નાસ્તિક, અધર્મી, મિથ્યાત્વી, નરકગામી આદિ તુચ્છ ગાળો ભાંડે છે. આવા વેશધારીઓને સાધુ ન માનવાથી વીતરાગની આજ્ઞા બરાબર પળાય છે. એની સામે એ વર્ગના સાધુઓ બળવો ઉઠાવશે-ધમકી તો સંઘને સંઘબહાર મુકાવશે, પણ હવે ડરવાનું નથી, એ લોકો ખુબ માણ્યા છે, દર્શન ઉદ્યોતના કાળમાં લોકોને તેમણે ખુબ ભોળવ્યા છે, હવે જ્ઞાન ઉદ્યોતનો સમય આવ્યો છે તેમાં તેઓથી ડરવાનું નથી.

અને સિદ્ધાન્ત ખાતર થોડો વખત સહન કરવું પડે તોપણ શું? આ પંચમ નિવેદન ઘણું જરૂરી છે. એવાને સાધુ તરીકે સ્વીકારવા નહિ એટલેથી બેસી ન રહેતાં તેમને ઉઘાડા પાડવાની વાત સ્વીકારી હોત તોપણ ખોટું નહોતું. પણ એમ ધારવામાં આવે છે કે આ કાર્ય એકાદ દશકા પછી થશે.

પ્રશ્ન એ થાય છે કે ચારિત્રભ્રષ્ટતાનો નિર્ણય કોણ કરે? એમાં જરા પણ મુંઝાવાનું નથી. ચારિત્રના મૂળગુણો સુપ્રસિદ્ધ છે અને ગોટા વાળનારાના ચરિત્રો સુપ્રસિદ્ધ છે. વીણી વીણીને દૂર કરવા માટે જોઇતી હિંમત, જરૂરી વિવેક અને સહન કરવાની શક્તિનોજ સવાલ બાકી રહે છે. આ નિવેદન છે તેટલા પૂરતું સુંદર છે, જરૂરી છે, ઉપયોગી છે.

૬ "આત્મશુદ્ધિ, સત્યનિષ્ઠા અને સેવાભાવને હું મારા જીવનમંત્ર તરીકે સ્વીકારૂં છું."

આ નિવેદન સર્વોપરી શિખર તુલ્ય છે, ખીલતી બુદ્ધિનું અંતિમ સાધ્ય છે અને વિચારતાં આનંદ અનુભવાવે તેવું રમ્ય, આકર્ષક અને મનહર છે. એ જીવન મંત્રની વાત બહુ કરવી નહિ પડે, માત્ર એના મુદ્દા તપાસી જઇએ.

આપણાં સર્વ કાર્યો અને આપણી પ્રવૃત્તિનો હેતુ 'આત્મશુદ્ધિ' હોવો જોઇએ; એમાં જો બીજો કોઇ પણ સાંસારિક હેતુ હોય તો એ વાત, કાર્ય કે પ્રવૃત્તિ અસ્વીકાર્ય ગણાવી જોઇએ. સેવાભાવી મહાશયોએ આત્મશુદ્ધિને નિરંતર નજરે સન્મુખ રાખવી જોઇએ. આ સ્વીકારસૂચક (affirmative) પધ્ધતિએ વાતો થઇ.

અને યુવકને સત્યનિષ્ઠા જોઇએ, એ સત્ય ખાતર ગમે તેટલો ભોગ આપે, એની ખાતર એ લડે, ઝગડે, પ્રાણ આપે અથવા બને તેટલો ભોગ આપે. એને સાચી વાત તરફ સ્વાભાવિક પ્રેમ હોય એટલે એને ખોટા માર્ગો તરફ અરૂચિજ હોય, એમાં અસત્ પ્રવૃત્તિનો નિષેધ હોઇ અસ્વીકારસૂચક (Negative) વાતો થઇ.

યુવકનો ખરો મંત્ર સેવાભાવ છે. એ સમાજને ઉન્નત કરવા બદલાની અપેક્ષા વગર સેવાભાવને સેવા ખાતરજ સ્વીકારે, એને પ્રશંસાના ઠરાવ ન ગમે, એને માનપત્રો ન હોય, એને છાપામાં પ્રશંસતા લેખો ન હોય, એને જાહેરમાં ફોટાઓ મુકવાનું ન ગમે, એને કોઇ પ્રકારની પોતાની જાહેરાત ન ગમે, એ પોતે ધમાલ ન કરે, પણ ધમાલ થતી હોય ત્યાં સેવા કરવા ઉભો રહે, એને સેવાની લગની લાગે અને ગમે તેવા મુંઝવણમાં એ વગરસંકોચે સેવા કરવા ઉતરી પડે, અને ઉતરે ત્યારે પોતાની સગવડ, પોતાનો બદલો કે પોતાને માટે લોકમતની એને દરકાર, વિચારણા કે ખ્યાલ હોય નહિ.

આ ૭ પ્રતિજ્ઞા કરે-નિવેદન કરે તે યુવકસંઘનો મેમ્બર થાય. બહુ મજાની વાત છે. અભિપ્રાય આપવાનો આપણને હક્ક હોય તો છેલ્લા બે ચાર વર્ષથી જૈનસમાજને લેખ અને વચનથી જે વાતો કરતો આવ્યો છું તેનો આમાં સાક્ષાત્કાર છે.

યુવકને એક વાત કરી આ પ્રકરણ પુરૂં કરીશ. તમારી કસોટીનો આ સમય છે. મને લાગે છે કે પરિવર્તન કાળ પૂરો થઇ હવે ક્રાંતિનો કાળ આવ્યો છે ક્રાંતિ વખતે બહુ જોખમ છે; તેમજ કાર્યસિદ્ધિ ઘણી નજીક પણ તેમાંજ હોય છે. તમારા પૂર્વકાળના કામ કરનારાઓએ વિચાર વાતાવરણમાં મોટો ફેરફાર કરાવ્યો, તમારે હવે કાર્ય કરાવવાનું છે તમારા-પર આક્ષેપો થાય તો ગભરાશો નહિ, આરોપો મૂકાય તો કાર્યથી પરાઙ્મુખ થશો નહિ અને શ્રાપો અપાય તો તેથી ડરશો નહિ. વિચારશો કે સતી શ્રાપ આપે નહિ અને...ના શ્રાપ પડે નહિ. આપણા જુના વર્ગમાં અને ખસુસ કરીને સાધુવર્ગમાં તમને ન સમજે અને ન સમજવાને પરિણામે બબડે એવો મોટો ભાગ છે, એથી તમારે ડરવાનું કે ગભરાવાનું નથી. સંઘબહારનું તેમનું શસ્ત્ર હવે કટાઇ ગયું છે અને તેની ધાર તોડી નાખવામાં આવી છે હવે તો તમારે બરાબર ધ્યાનથી કામ હાથમાં લેવાનું છે જે ભાવના તમારા ઉદ્દેશમાં છે અને જે નિવેદનપર તમે સહી કરી છે તે બરાબર લક્ષ્યમાં રાખશો અને માનની પડાપડીમાં પડી ન જશો તો વિજય ચોક્કસ છે. તમારી નજરે સન્મુખ અંગોરાને રાખજો. મુસ્તફા કમાલપાશાએ જે કમાલ કરી છે તે વિચારજો, અમાનુલ્લાને રાજ્યભ્રષ્ટ થવું પડયું છે તેથી જરાપણ ગભરાતા નહિ, તમને કોઇ અંગારા કહે તો. ગભરાશો નહિ, નાસ્તિક શબ્દ કહેવાનો કોઇનો અધિકાર નથી, એ બોલનાર શબ્દનું રહસ્ય સમજ્યા નથી અથવા સત્ય સ્વાધીન રાખવાનો મોહ તેમની વિચારશક્તિની આડો આવે છે.

તમારે કર્તવ્ય તરફજ જવાનું છે. માનની અપેક્ષા કદિ ન કરતા, પૂર્વ પુરૂષોએ અમુક કેમ ન કર્યું એમ કદિ ન બોલતા, તમે કરો તે માટે જરા પણ મલકાતા નહિ-જ્યારે તમે યુરોપની પ્રજામાં યુરોપ શું કરી રહ્યા છે અને કરી શક્યા છે તે જોશો કે વિચારશો ત્યારે આપણે તો હજુ એકડા ઘુંટીએ છીએ એમ તમનેજ લાગશે. અત્યારે સમય અનુકૂળ છે. તમને શ્રદ્ધાહીન કે મિથ્યાત્વી કહેવામાં આવે તેથી ગભરાતા નહિ. એ શબ્દોનો ઇજારો અમુક વર્ગને સર્વ હક્ક સ્વાધીનના અમરપટ્ટા સાથે આપેલો છે અને તે ઇજારા સાથે શિથિલાચારતાના અને અપવિત્રતાના પટ્ટા પણ તેમને મળી ગયા છે, એ સ્વાધીન હક્કને છોડવવાનો વિચાર તમે કદી ન કરતાં. તમે ભાષામાં વિવેક ખુબ રાખજો, પુરાણા વર્ગની ભાષાનું અનુકરણ કદિ ન કરતાં અને તમારા બે મુખ્ય અંગો પ્રેસ અને પ્લાટફોર્મ (છાપા અને વ્યાસપીઠ) એ તમારા છે અને તમારા રહેવાના છે એ સમજજો. કોઇ પુરાણો એનો લાભ લે તો ગભરાતા નહિ, પણ તમારો વિજય એ બન્ને સંસ્થાની પવિત્રતા ઉપર છે.

આ બાબત ઘણું કહી શકાય તેમ છે, પણ તમારા નિવેદનમાં તમે ઘણું વિચાર્યું છે. એને વળગી રહેજો અને પરિણામની દરકાર ન કરતાં આગળ ધપાવજો. અંતે તમારો વિજય ચોક્કસ છે બ્રહ્મશાહીનો વિજય થોડો વખત થય અને કદાચ અમાનુલ્લાને પરદેશ પણ જવું પડે, પણ અમાનુલ્લા અને અંગોરાનો તાજ પહેરશે અને ઉત્પન્ન કરેલો શુધ્ધ 'સ્પીરીટ' તો જરૂર વિજય પામશે. ધર્મને કદિ વિસારતા નહિ, આત્માને ચુકતા નહિ અને અર્હતની પામર ગણના, પ્રશંસા કે પ્રમાણપત્રપર મોહાઇ જતા નહિ. વિજય તમને છે અને પરભવ તમારે માટે જ છે. 'શિવાસ્તે પન્થાનઃ સન્તુ'.

(ભાવનગરના જૈન ધર્મ પ્રકાશમાંથી.) મો. ગિ. કા.

# સો મણ તેલે અંધારૂં

### અથવા

# સાગર મત સમીક્ષા.

### ( ૨ )

હવે આપણે સાગરજીના ભાષણની સમીક્ષા કરીએ.

સાગરજીએ પોતાના ભાષણને મુખ્ય બે મુદ્દાઓ ઉપર રચ્યું છે, 'શિક્ષા અને સત્તા દીક્ષા સંબંધી યોગ્ય અયોગ્યતાનો' નિર્ણય કરવાનું કથે છે અને સત્તાના સંબંધમાં તો તેઓ આરંભમાંજ એક બોમ્બ ફેંકે છે. કહે છે-

" શ્રાવક સંઘની સત્તા શ્રમણ સંઘ ઉપર ચાલે, તો પરસ્પર આરાધ્ય-આરાધક ભાવ રહે કે કેમ ? તે હિસાબે તો શ્રાવક આરાધ્ય થાય અને સાધુ આરાધક થાય. પણ જૈન શાસનમાં '**नमो लोए सव्व साहुणं**' જેવા પદનો અર્થ જાણનાર જૈન બચ્ચો તે વાત કબુલ કરશે નહિ. "

સ્પષ્ટાર્થ એ છે કે-સાધુઓ ઉપર શ્રાવકની સત્તા નહિં ચાલવી જોઇએ. કારણ કે શ્રમણો આરાધ્ય છે, અને શ્રાવકો આરાધક છે. અમને લાગે છે કે, તીર્થંકર મહારાજાઓએ શ્રાવકોને સાધુઓના માતા-પિતા સમાન કહ્યા છે, એ વાત સાગરજી મહારાજ સત્તાના કેફમાં ભૂલી ગયા લાગે છે. સાધુઓ શ્રમણો જરૂર આરાધ્ય છે, પરન્તુ જે સાધુઓ-શ્રમણો પોતાનું કર્તવ્ય ચૂકતા હોય, ધર્મને નામે હોળીઓ સળગાવી રહ્યા હોય, જૈન ધર્મની નિંદા થાય એવા કાર્યો કરી રહ્યા હોય અને પોતાના ધર્મથી નીચે પડતા હોય તે વખતે શ્રાવકો તેઓને 'આરાધ્ય' સમજીને બેશી રહે, એમ સાગરજી કહેવા ઇચ્છે છે શું ? શ્રમણો આરાધ્ય જરૂર છે, પરન્તુ જેઓ પોતાના 'શ્રમણત્વ' માં રહે તે, જ્યાં ત્યાં ઝઘડા જગાડનાર નહિં. જ્યાં જ્યાં જાય ત્યાં ત્યાં કલેશો કરી-કરાવી સંઘમાં વિક્ષેપો નાખનાર નહિ. જેઓ શ્રમણ છે-સાધુ છે-પોતાના ધર્મમાં સ્થિર છે, તેઓ તો હમેશા 'આરાધ્ય' રહેવાનાજ.

ત્રીજા પેરેગ્રાફમાં સાગરજી મોરના નાટકની ઉપમા આપી ગુરૂ કુલની ઉપાસના ન કરી હોય, એના જ્ઞાનને નિંદનીય બતાવે છે. બિલકુલ સાચી વાત છે. પરન્તુ સાગરજી 'ગુરૂકુલ' કહે છે કોને ? શું સાગર કુલનેજ 'ગુરૂકુલ' સમજે છે ? પોતાનું જ્ઞાન ગુરૂકુલની ઉપાસનાવાળું છે, અને બીજું જ્ઞાન, ગુરૂકુલ ઉપાસના રહિત છે, એ શા ઉપરથી કહે છે ? અમે તો જોઇ શકીએ છીએ કે જો સાગરજીએ પોતે-ગુરૂકુલ ઉપાસના પૂર્વકનું જ્ઞાન લીધું હત તો આજ એમનામાં "સો મણ તેલે અંધારૂં" રહેવા પામતજ નહિ- **જેણે ગુરૂકુલ ઉપાસના પૂર્વક જ્ઞાન લીધું હોય, એનામાં આટલી અશાન્તિ, આટલો કષાય, આટલું અભિમાન, અને આટલો દ્વેષાનળ હોય ખરો કે ? સાગરજીની આ બાબતોજ બતાવી આપે છે કે સો મણ તેલે પણ એમનો આત્મા હજુ અંધારામાંજ ભટકી રહ્યો છે.**

ચોથા પેરેગ્રાફમાં પોતાની પાસે બેસનારા થોડાક શ્રાવક શ્રાવીકાઓને 'ધર્મ આરાધક' શ્રાવક શ્રાવીકાની સભા કહે છે, અને બીજા મોટા સમુદાયને 'સકલ સંઘ' ની સભા કહેવામાં વાંધો બતાવે છે, એ એમના પક્ષપાત સિવાય બીજું શું છે ?

પાંચમા પેરેગ્રાફમાં પાછી એજ ગુરૂકુલથી મેળવેલા જ્ઞાનની ફિલોસોફી છાંટતાં પુનરૂક્તિ કરતાં કથે છે.

" જેણે ગુરૂકુલથી જ્ઞાન મેળવ્યું હોય. તેને આગળ પાછળનો વિચાર હોય; તેથી જેને જ્ઞાન ન આવેલું હોય, તે ઠરાવ કરવા માટે આગળ પાછળની હકીકત ન સમજતો હોવાથી લાયકજ થતો નથી. "

વાંચક, જોઇ સાગરજીની ફિલોસોફી ? ક્યાં તો સંઘના ઠરાવની વાત ? અને ક્યાં ગુરૂકુળથી મેળવેલા જ્ઞાનની વાત ? સાગરજીની પ્રવૃત્તિ સામે વિરોધ બતાવવા સંઘ ઠરાવ કરે એની સાથે 'ગુરૂકુલથી મેળવેલા જ્ઞાનનો શો સંબંધ ? સાગરજીને અમે પૂછવાની ધૃષ્ટતા કરીએ છીએ કે—સાગરજી મહારાજ, તમે બતાવશો કે તમે પોતે કેટલું ગુરૂકુલથી જ્ઞાન મેળવ્યુ છે !

તે પછી આગળ ચાલતાં સાગરજીએ પોતાના મંતવ્ય પ્રમાણે બે ચાર ગ્રંથોના નામ માત્ર આપી ભદ્રિક જીવોને એમ ભરમાવવા પ્રયત્ન કર્યો છે કે-"**શાસ્ત્રકારો આઠ વર્ષની દીક્ષાને લાયક ગણે છે**" અને પોતાના મન્તવ્યના સમર્થનમાં ખરતર ગચ્છ અને તપ ગચ્છના કેટલાક આચાર્યો સાધુઓની નામાવલી આપી છે. કે જે એઓએ ન્હાની ઉમરોમાં દીક્ષાઓ લીધી છે.

અમે સાગરજીની આઠ વર્ષની બાલ્યાવસ્થાની દીક્ષાના સમર્થનનું અવલોકન હમણાંજ કરીએ છીએ. પરન્તુ તે પહેલાં સાગરજીના થોડાક નિરંકુશી શબ્દો ઉપર વિચાર કરી લઇએ.

સાગરજી એક સ્થળે કહે છે કે— શાસનના પક્ષમાં જે હોય તે સંઘ" અમે પૂછીએ છીએ કે—આપ શાસનનો પક્ષ કહો છો કોને? અમદાવાદથી નીકળતા પેલા કહેવાતા વીર શાસન ( ખરી રીતે વૈર શાસન ) ના પક્ષને તો શાસન પક્ષ નથી કહેતાને ? મહાત્મન્ જે જે પક્ષવાળા પોતપોતાના મતનું સમર્થન કરવા બહાર પડે છે, તે બધાએ પોતાને 'શાસન પક્ષ' માંજ સમજે છે, પોતે શાસન પક્ષમાં, અને બીજા 'શાસન બહાર' એ તો આ જમાનામાં એક પાગલનો પ્રલાપ મનાયો છે.

સાગરજી સમયને ઓળખીને કામ કરવાની સૂચના કરનારાઓનું ખંડન કરવામાં પોતાની પાસેની યુક્તિઓનો ખજાનો ખાલી કરતાં કહે છે-

" કેટલી જિનેશ્વર ભગવાનની મૂર્તિ નાગી છે, સાધુઓ નહાતા નથી, વિ. ની નિંદા સાંભળીને શું આપણે સાધુઓને નવડાવીશું ? કે ભગવાનની મૂર્તિને લુગડાં પહેરાવી અન્ય મતના જેવી કરીશું ? આ જમાનામાં મોટર છે રેલ છે, તો શું રેલને મોટરમાં સાધુઓને વિહાર કરાવવા " વિગેરે. કેવી સરસ દલીલો, સાગરજીને હજુ ક્યાં ભાન છે કે-જમાનો સમય સંસારની તમામ ક્રિયાઓ ઉપર કેટલી બધી અસર કરે છે, હમણાં થોડા વખત ઉપર મુનિ વિદ્યાવિજયજીએ "**ધર્મ અને સમાજ પર સમયનો પ્રભાવ**" નામક

એક લાંબો લેખ ' મુંબઈ સમાચાર ' અને ' સાંજ વર્તમાન ' માં છપાએલો હતો. તે ઉપરથી સ્પષ્ટ જાહેર થયું છે કે- આપણા મંદિરો, મૂર્તિઓ પ્રતિક્રમણ અને એવી લગભગ તમામ બાબતો ઉપર સમયે પ્રભાવ નાખ્યો છે. અમે નથી કહેતા કે–સાધુઓ–રેલ મોટરમાં બેસે, પરન્તુ સમયનો પ્રભાવ સાધુઓના જીવન ઉપર પણ પડયો છે. એ કોણ નથી જાણતું ? બેશક, ધર્મનો નાશ થાય, પતિતતા આવે, એવું કાર્ય ન કરવું જોઇએ. પરંતુ જે કાર્યમાં ધર્મને નુકસાન પહોંચતું ન હોય, બલ્કે ધર્મનો પ્રભાવ વધતો હોય, એવું કાર્ય સમયાનુસાર કરવું એ તો જરૂરનું છેજ. ખાલી પ્રાચીનતાની દુહાઇ દઇને નુકસાનકારક બાબતોને પકડી રહેવી, એનું નામ આસ્તિકતા નથી, પરન્તુ ધર્મ પ્રત્યેની ઉપેક્ષા છે. ધર્મની નિંદા થાય કે ગમે તે, પરન્તુ પોતાની ઇચ્છા તૃપ્ત કરવા માટે, સાગરજીના શબ્દોમાં કહીએ તો " સો તારી રામ દુહાઇ અને એક મારૂં ઉહું " કરીને ધપાવે જવું એ, એક પ્રકારની ઘેલછા નહિ તો બીજું શું છે ?

(ચાલુ)

(લી. દીક્ષા ભક્ત)

——×[*]×——

## વ્યર્થ શરસંધાન.

આગમોધ્ધારક ષડ્ દર્શનપારગામી સૂરિ સમ્રાટ શ્રી સાગરાનંદજી મહારાજે આજકાલ જૈન દીક્ષા સંબંધમાં જૈન જનતા ઉપર જે ચેલેંજનું તીર ફેંકયું છે તે કેટલું વ્યર્થ અને પરિણામશૂન્ય છે એ અત્યારની દ્રષ્ટિએ વિચાર કરનાર સૌ કોઇને સહજ સમજાય તેમ છે. આજે જે પ્રકારનું આ શાસ્ત્રાર્થ અને વાદવિવાદનું તુમુલ યુદ્ધ તે નિમંત્રી રહ્યા છે. તેની ઉપયોગિતા કોઇપણ શિષ્ટ જન સ્વીકારતું નથી આવાં યુદ્ધોથી પૂર્વકાળમાં કદિ કોઇપણ વિચારનું સત્ય સિધ્ધ થયું નથી કે અસત્યનું નિવારણ થયું નથી એમ કોઇપણ ઇતિહાસ વિવેચક નિઃશંકપણે કહી શકશે. આજે તો આવી ચેલેંજોના દ્વન્દ્વયુદ્ધની કીંમત બે આખલાઓની સાઠમારીથી વધારે રહીજ નથી.

વસ્તુતઃ અમે આવા શાસ્ત્રાર્થ કે ચેલેંજ પ્રત્યેપનિક્ષેપમાં માનતાજ નથી. પૂર્વકાળમાં ગમે તેમ હોય પણ અત્યારે નાના અણસમજુ બાળકોને દીક્ષા જેવા મહા કઠિણ વ્રતથી જીંદગી સુધી બાંધી લેવામાં આવે અથવા તો કોઇપણ સ્ત્રી કે પુરૂષ પોતાના ગૃહસ્થ ધર્મની તદ્દન ઉપેક્ષા કરી એકા એક મનમાં આવે ત્યારે ભાગી જાય અને ગમે તે સાધુ તેના પૂર્વાપરનો કશો વિચાર કર્યા સિવાય તેને દિક્ષા આપે તે બન્ને વાતની યોગ્યતા અત્યારની જનતાનું હૃદય કે બુદ્ધિ સ્વીકારીજ શકતાં નથી. અત્યારનો નવો વર્ગ માને છે કે આ બન્ને કાર્યોથી જૈન ધર્મની ગ્લાનિ થાય છે. અને ગૃહસ્થ ધર્મની અનવસ્થા નીપજે છે. તેથી ઉપરનાં કાર્યોને પૂર્વકાળનાં શાસ્ત્રોમાંથી કદિ સમર્થન મળતું હોય તો પણ તેની પ્રણાલિકાનો વર્તમાન સમય ધર્મ વિચારીને સૌ કોઇ સમજુ માણસોએ ત્યાગ કરવો ઘટે છે. આ કારણથી અત્યારની આખી નવી હીલચાલનો આશય એવી પરિસ્થિતિ નીપજાવવાનો છે કે જેથી બાળદીક્ષા અશકય બને અને ઘેરી છોકરાંને એકાએક રઝળતાં મુકી ભાગી આવનારને કોઇપણ જૈન સાધુ દીક્ષા આપી ન શકે.

માટે આવી બાબતોમાં શાસ્ત્રાર્થ કરવાનું અને તે રીતે અનુકુળ પરિણામો નીપજાવવાનું ભૂત મગજમાંથી કાઢી નાંખીને જે વિચારોનો જેને જેને આગ્રહ બંધાયો હોય તેણે તેણે પોતપોતાના વિચારોનો સમ્યગ્ ભાષામાં ફેલાવો કરવો એજ કર્તવ્ય રહે છે. સમાજમાં ફેલાતા વિચારોનાં સત્યાસત્યનો નિર્ણય કાળે કાળે વિચક્ષણ સમાજ હમેશાં કરતીજ આવી છે.

સમયે સમયે સમાજને સજીવ અને પ્રાણવાન રાખવા ખાતર નવી સ્મૃતિઓ ઘડવી પડે છે. આવીજ રીતે જે ધર્મની સંસ્થાને આ વિષમકાળમાં જીવવું હોય તેને માત્ર પૂર્વકાળમાં રચાયલાં શાસ્ત્રો ઉપર આધાર રાખી બેસી રહ્યું પાલવે તેમ નથી પણ વિજ્ઞાન અને વિચાર પરિવર્તનોને અનુકુળ બને તેવી રીતે પોતાના દેહની કાળે કાળે પુનર્ઘટના કરવીજ પડે છે. આ વિચાર આપણો જૈન ધર્મ કે જેનાં આયુષ્ય અને ઉન્નતિ આપણી સર્વની ચિન્તાનો વિષય છે તેને એટલીજ સચોટ રીતે લાગુ પડે છે.

વડી ધારાસભામાં અત્યારે ચર્ચાતું શારદા બીલ આપણને આ દિશાએ વિચારવા યોગ્ય દ્રષ્ટિબિન્દુ પુરૂં પાડે છે. મનુમહારાજ કે યાજ્ઞવલ્કય કોઇ મૂર્ખ સ્મૃતિકારો નહોતા; એમ છતાં આજના નવા સ્મૃતિકારો તેના આદેશનું સ્પષ્ટ ઉલ્લંઘન કરી રહ્યા છે, કારણ કે તેમને પૂર્વકાળની સ્મૃતિના શબ્દાર્થ કરતાં વર્તમાન કાળમાં ક્ષીણતાને પામી રહેલ હિંદુ જનતાના અસ્તિત્વની સવિશેષ ચિન્તા ઉભી થઇ છે. જો જૈન ધર્મનું અસ્તિત્વ ટકાવવું હોય તો આજ દ્રષ્ટિબિન્દુ પ્રત્યેક જૈન સુધારક કે હિતેચ્છુને વહેલું મોડું સ્વીકાર્યા સિવાય છુટકોજ નથી.

માટે અનેક ગુણગણાલંકૃત શ્રી સાગરાનંદસૂરિને હું તો સવિનય વિનંતિ કરૂં કે એક જૈન આચાર્યની પતિભાને ન છાજે તેવી ચેલેંજો, પત્રિકાઓ અને ખટપટો છોડીને જે આગમો જગતને સુલભ બનાવવા આપે આટલો બધો શ્રમ ઉઠાવ્યો છે તે આગમો આપના જીવનને કયાં કયાં સ્પર્શ્યા છે તેનું કાંઇ કાંઇ ભાન કરાવતા રહેશો તો આ ભાન ભુલેલી દુર્લભબોધિ જૈન જનતા ઉપર આપ સાચો ઉપકાર કરી શકશો. એમની જેવા ઋષિમુનિને વિશેષ શું કહેવું?

**પરમાનંદ.**

## વાતાવરણ.

**ચાણસ્મા:**—શ્રી જૈન આદેશ્વર મંડળ જણાવે છે કે:– ચાણસ્મા શ્રી જૈન આદેશ્વર મંડળે શ્રી મુંબઇ જૈન યુવક સંઘના ઉદ્દેશો મુજબ પોતાના ઉદ્દેશો નક્કી કર્યા છે. દીક્ષાની નિયમાવલી ચાણસ્માના શ્રીસંઘે સ્વીકારી છે. આખું ગામ આ વિષે એકમત ધરાવે છે, ગામડાંઓમાં પણ મંડળના તરફથી જાહેર ભાષણો કરી યોગ્ય પ્રચારકાર્ય કરવામાં આવે છે, મુનિશ્રી રામવિજયજીના ઇંડા પ્રકરણને અંગે, મુંબઇના ઠરાવને મળતો ઠરાવ કર્યો છે.

# આતે શાસનની ઉન્નતિ કે અવનતિ?

## સમાજમાં આવેલી જાગૃતિને યોગ્ય રસ્તે દોરવાની સુંદર તક.

( ૨ )

શુષ્ક ક્રિયાકાંડ કરતાં શાસનની ઉન્નતિમાં પુરૂષાર્થનું સ્થાન કેટલું મહત્વનું છે તે વાસ્તવીક રીતે સમજવાની જરૂર છે, અને વિશેષ એટલા માટે કે શ્રાવક વર્ગમાંથીજ સાધુઓ પાકવાના છે; તેથી જેટલે અંશે શ્રાવક વર્ગ શક્તિમાન અને તેજસ્વી હશે તેટલે અંશે સાધુઓ ઉચ્ચ કોટીના રહેશે. આ હકીકત તરફ દુર્લક્ષ્ય આપીને, જીવન વ્યવહારમાં પુરૂષાર્થ કર્યા સીવાય નથી આપણે ધર્મની કે પોતાની ઉન્નતિ સાધી શકતા. આ દેહે સ્થુળ અગર સુક્ષ્મ હિંસા સિવાય જીવવું અશક્ય હોવાથી, સમયની જરૂરીઆત પ્રમાણે યોગ્ય ફેરફાર કરવામાં બધી પ્રવૃતિઓ પાપમયજ થઇ જાય છે અને તે માણસ અધર્મી બની જાય છે એવી દલીલોની પોકળતા કોને સમજાવવી પડે તેમ છે? તે છતાં જે સાધુઓને પ્રમાણીકપણે લાગતું હોય કે શ્રાવકોને સંસારીક ઉન્નતીમાં સીધી કે આડકતરી રીતે મદદ કરવામાં ધર્મ તેમની આડે આવે છે. તો તેમની માન્યતા તેમને મુબારક હો, પરંતુ તેમના જેવી માન્યતા નહિ ધરાવનાર બીજાઓ શાસ્ત્ર વિરૂધ્ધ છે એવી છદ્મસ્થઅવસ્થામાં રહીને ઘોષણા કરવાથી સમાજમાં અંદર અંદર વૈમનસ્ય વધે તે માટે કોને અભિનંદન આપવું?

હાલમાં વિશ્વભરમાં જીવનની સખ્ત હરીફાઇને લીધે આપણને અનેક પ્રશ્નો મુંઝવી રહ્યાં છે તેમાં બેકારી, સંખ્યા અને શારીરીક બળ મુખ્ય છે. સાધુઓને તેમજ આપણને કંઇ વસ્તુ સિવાય ચલાવી શકાય તેમ છે તે હકીકતને પ્રાધાન્ય સ્વરૂપ આપવું ઘટે છે. શારદા બીલનું કેટલું પરીણામ આ બાબતમાં તાજુંજ દ્રષ્ટાંત છે. આવી મુશ્કેલીઓ ઉકેલવા વખતે કર્મનો દોષ કાઢી, યોગ્યાયોગ્ય જોયા વગર પ્રાચીન દ્રષ્ટાંતો રજુ કરી સંતોષ માનવામાં સ્થિતિ ચુસ્તતા બતાવીને આપણે વધારે ઘસાતા જઇએ છીએ. આપણી કોમ હજુ પણ એટલી સાધન સંપન્ન તો છે કે વિવેક દ્રષ્ટિથી કામ થઇ શકે તો આ મુંઝવણનો બહારથી મદદ મેળવ્યા સિવાય થોડે ઘણે અંશે નીવેડો લવાય. દ્રષ્ટાંત રૂપે જૈનોના હસ્તક પુષ્કળ દ્રવ્ય નાખ્યું છે તે યોગ્ય દિશામાં રોકવાથી વ્યાપારમાં જૈનોનું સ્થાન વધશે એટલુંજ નહિ પણ સામાન્યપણે મુડીવાદના જમાનામાં કોમની પરવશતા દુર થશે, તેમાંથી બેંકો અને વિમા કંપનીઓ ઉભી કરી આપણે તે માર્ગે પ્રેરણા આપી શકીએ તેમ છીએ. ધાર્મિક વિષયોમાં ઉચ્ચામાં ઉચ્ચી કોટીનું શિક્ષણ અપાવી તેનો લાભ સમાજને સતતર મળતો રહે તે માટે હાલના દયામય પંડુજી જેવી સ્થિતિમાં સડવા દેવાને બદલે, આજ્ઞા આપતા અભ્યાસીઓને સ્વતંત્ર રીતે રાખી શકીએ તો શાસન ઔર દીપી નીકળે.

ધર્મવાન પ્રજા બનાવવા સારૂ વ્યવહારીક ઉન્નતિ એ પ્રથમ પગથીયું છે. આ ઉપરાંત જીવનમાં બીજા કેટલાય પ્રશ્નો છે કે જેની ગુંચ ઉકેલેજ છુટકો છે. પચાસ સો વર્ષોમાં જેટલા બનાવો બન્યા નથી તેથી વિશેષ અને વધારે ઝડપથી હાલમાં બની રહ્યા છે. આ જ્ઞાન ઉદ્યોત કાળમાં સમાજ નહિ માની શકાય તેવી ત્વરીત ગતીએ જાગૃત થયો છે. અને સાધુઓ પાસે વિશેષ ચેતન માગી રહ્યો છે. દોષ રહિત ત્યાગ તો સર્વે કાળમાં વંદનીય રહેશે અને તેવા ત્યાગી સાધુઓને પોતે ખરા છે એવું જાહેર કરવાની જરૂર રહેશે નહિ. સમાજની આસપાસ મિથ્યાતીનો જે 'હાઉ' પ્રસરી રહ્યો છે તે દુર થયેથી સારા નરસાની સમજણ આપોઆપ આવી જશે. તે પરિસ્થિતિ ઉત્પન્ન કરવા માટે આપણને નીચે જણાવેલા ઉપાયો પ્રાપ્ત થાય છે.

(૧) સાધુઓ પોતાના ક્ષેત્રમાંથી બહાર આવીને સમાજમાં વિષમ સ્થિતિ ઉભી કરે તે કરતાં પોતાનું ક્ષેત્ર તેમણે નક્કી કરવું જોઇએ. આ સંબંધી સાધુ સંમેલન ભરવા માટે કેટલો ઉહાપોહ થઇ ગયો છે એટલે તેઓ પોતેજ પોતાની દિશા નક્કી કરી લે તો એક મોટી ગુંચ ઉકેલાય અને શ્રાવક વર્ગ તેમના અંગે નિશ્ચિંત રહી શકે. પરંતુ હાલના સંજોગો જોતાં તેમ પાર પડવું અતિ મુશ્કેલ છે. તેટલા માટે અમુક વખતમાં તેમ ના થઇ શકે તો તે કામ આપદ્ ધર્મ તરીકે શ્રાવકોએજ ઉપાડવું જોઇશે. યુવાનવર્ગની ધીરજ ખુટી જાય તેનું મુખ્ય કારણ એ છે કે હાલમાં કેટલાક સાધુઓ પોતાની કારવાહીથી જૈન ધર્મને હાંસીને પાત્ર બનાવી રહ્યા છે. તેને પરિણામે સુકાની સાથે લીલું પણ બળે તે ન્યાયે સમગ્ર સાધુ સંસ્થા તરફ તીરસ્કાર વધવા પામે તે પહેલાં જૈન શ્વેતાંબર કોન્ફરન્સે જૈન સમાજમાં સાધુઓનું સ્થાન ચોકકસ અને સત્વર નક્કી કરવાનું છે. આખા હિંદુસ્તાનના પ્રતિનીધીઓની એક ખાસ સભા ભરી સાધુઓની સમાજ સાથે અથડામણમાં આવે તેવી દરેક પ્રવૃત્તિઓ માટે નિયમો ઘડી અમલમાં મુકયા સિવાય આ કલહો અટકવાના નથી. અને તે નિયમોના ઉલંઘન કરનારા સમાજના દ્રોહી છે એવું જાહેર કરી તે પ્રમાણે વર્તવા અને વર્તાવવા સિવાય શાસનની ઉન્નતી અશક્ય છે એટલુંજ નહિ પણ અવનતીને આમ ત્રણ અપાય છે. એ દેખીતું છે.

ધર્મ અત્યારે ચાલણીએ ચળાય છે તે વખતે સાધુઓના ગુણ દોષની તુલના કરનાર પ્રતિ, પક્ષાપક્ષનો આરોપ મુકવો એ સંકુચીત મનોદશા સુચવે છે. વિચાર સ્વાતંત્ર્યના જમાનામાં તેનાજ નામે તેનો દુરૂપયોગ કરનાર સમાજની કોઇપણ જવાબદાર વ્યક્તિ લોકમતની અવગણના કરી શકે તેમ નથી. સમયનો કોઇની પરવા કર્યા શીવાય પોતાની ગતી ચાલુ રાખશેજ.

**ચીમનલાલ મોતીલાલ પારેખ.**

**એક ઠરાવ:**—માસ્તર પોપટલાલ સાંકળચંદના પ્રમુખ પણા નીચે, તા. ૨૪-૮-૧૯૨૯ ના રોજ શ્રી જિનધર્મ પ્રકાશક સભા ભાવનગર—નો સર્વાનુમતે થએલો ઠરાવ "જૈન દર્શનને શોભાવે તેમજ રાજ્યના કાયદાને અનુસરીને, અન્ય દર્શનકારોની દ્રષ્ટિએ પણ નિંદનીય ન લેખાય એવીજ દીક્ષા પ્રવૃત્તિને આ સભા પોતાની સંપૂર્ણ સહાનુભૂતિ આપે છે. અને આ સિવાયની દીક્ષા પ્રવૃત્તિ સામે આ સભા પોતાનો વિરોધ જાહેર કરે છે.

## ચર્ચા પત્ર.

ભાદરવા શુદ ચૌદશ ને સવારે કોટના ઉપાશ્રયમાં આચાર્યશ્રી વિજય ધર્મસુરિશ્વરજીની જયંતિ વખતે પ્રમુખસ્થાનેથી આચાર્યશ્રી વિજયવલ્લભ સુરિશ્વરજીએ દેવદ્રવ્યની ચર્ચા સંબંધમાં નીચેના વિચારો જણાવ્યા હતા.

" વિજય ધર્મસુરિજીના સમયમાં દેવદ્રવ્યની ચર્ચાએ જન્મ ધારણ કર્યો હતો, જે આજે મતઃપ્રાય થઇ ગયેલ છે તેઓએ જે વાત શરૂમાં બહાર મુકી હતી તે તેવાજ રૂપમાં રહી હોત તો જરૂર જૈન સમાજને કેટલીક રીતે ફાયદો થતે. કારણ કે મારા સમજવા પ્રમાણે તેઓએ ઉપાશ્રયમાં જે બોલીઓ સુપના તથા પારણા સંબંધમાં બોલાય છે તે બાબતમાં સંઘ તરફથી યોગ્ય ઠરાવ કરવામાં આવે એ રૂપમા ચર્ચા મુકી હતી. ત્યાર બાદ બોલીઓની પ્રથા કયારથી થઇ એ વિગેરેનો ઉહાપોહ થતાં તેમાં દેરાસરમાં બોલાતી પૂજા આરતી વિગેરેની બોલીઓ પણ સમાવવામાં આવી અને તે કારણે દેવદ્રવ્યની ચર્ચાને નામે ઝઘડો શરૂ થયો અને ચર્ચાનું રૂપાંતર થઇ ગયું. મારી સમજ મુજબ જો વિજય ધર્મ સુરિજી પૂજા આરતી વિ. દેહરાસરને અંગે બોલાતી બોલીઓ ને વચમાં ન લેતાં કેવળ ઉપાશ્રયની બોલીઓને માટે મક્કમપણે વળગી રહ્યા હોત તો તેઓ જરૂર ફાવી શકતે. એ વાત તો ચોક્કસ છે કે તે વખતની ચર્ચાએ ઘણા લોકોમાં જાગૃતિ ફેલાવી હતી અને એ સુચના મુજબ કેટલાક ગામોમાં અને શહેરોમાં સંઘ-ઠરાવો કરાવો કેટલાક ફેરફારે સાથે થયા છે, જેવા કે મુંબઇમાં ગોડીજીના ઉપાશ્રયે. "

તે વખતે કોટના પ્રતિષ્ઠિત ગ્રહસ્થ શેઠ છોટાલાલ પ્રેમજીએ જાહેર કર્યું કે કોટના ઉપાશ્રયમાં બોલીનો બાર આની ભાગ સાધારણમાં જાય છે અને ચાર આની ભાગ દેવદ્રવ્યમાં જાય છે.

## અવલોકન.

સાગરાનંદસૂરિ દીક્ષા મત ખંડન--ઉપરોકત પુસ્તક આ અઠવાડીયામાં પ્રસિદ્ધ થયું છે, દીક્ષા સંબંધી ચોકસ વિચારોજ સશાસ્ત્ર છે એવી ચેલેંજ ફેંકનારને આ લેખમાં જણાવેલા વિચારો સજ્જડ જવાબ રૂપે છે, જો કે ચેલેંજ ફેંકનારાઓ પોતાના જ્ઞાનની મસ્તીમાં અન્યની સાચી વાત ઉપર લક્ષ આપે તે સંભવતું નથી. સામાન્ય સમાજે હવે ચોકસ પ્રથાઓને અંધશ્રદ્ધા પૂર્વક સશાસ્ત્ર માનવાની જરૂર નથી. આ પુસ્તક લખનાર જાણીતા પંડિત હીરાલાલ હંસરાજ જામનગરવાળા છે, અને તે પુસ્તક શેઠ જીવતલાલ ચંદ્રભાણુ કોઠારી ઠે. મહાજન એસોશીએશન મારવાડી બજારમાંથી તદ્દન મફત મલી શકશે.

પવિત્ર દીક્ષા-પ્રસિદ્ધ કરનાર પાટણ જૈન યુવક સંઘ પ્રકાશન સમિતિ. ( ૨ ) વર્તમાન સાધુ દીક્ષા સંબંધે નમ્ર ઉદ્‌ગારો-લેખક ન્યાયવિશારદ ન્યાયતીર્થ શ્રી ન્યાયવિજયજી મહારાજ. ઉપરના બન્ને પુસ્તકો પણ દીક્ષાના વિષય ઉપર સારો પ્રકાશ પાડે છે.

ઉપરના ત્રણે લેખોની યોગ્ય સંખ્યામાં કોપીઓ છપાવી લ્હાણી કરવાની જરૂર છે, તે વગર સામાન્ય જનસમુદાયની અજ્ઞાન દશા દૂર થશે નહિ.

## શ્રી જૈન યુવક સંઘનું કામકાજ.

### મુનિશ્રી રામવિજયજીના સાહિત્ય માટે " નીમાયેલી તપાસ કમિટી "

શ્રી જૈન યુવક સંઘની તા. ૧૫-૯-૨૯ ની સામાન્ય સભામાં થયેલ સુચનાઓ અનુસાર સંઘની વ્યવસ્થાપક સમિતિએ મુનિશ્રી રામવિજયના સાહિત્ય સંબંધી રીપોર્ટ કરવા એક સબકમીટી નીમી છે. આ સબંધી જે ભાઇઓને કોઇપણ હકીકત રજુ કરવાની હોય તેમને ટુંકમાં મુદ્દાસર નીચેના સરનામે લખી જણાવવા વિનંતિ કરવામાં આવે છે.

**શ્રી મુંબઈ જૈન યુવક સંઘ**
**મુનિશ્રી રામવિજય સાહિત્ય કમીટી**
લુહારચાલ, મનહર બીલ્ડીંગ, પ્રીન્સેસ સ્ટ્રીટ-મુંબઇ.

### જામનગરનો પત્ર.

**મ્હેમાનોનું પખવાડિયું**

સાગરજી મહારાજનો સારાયે ચોમાસામાં કોઇએ ભાવ ન પૂછ્યો. જાહેર સભાઓ અને તોફાની રમતોમાં રસ લેનાર કે જી હજુરી...કહેનાર કોઇ, ફુઇ ને રતનીયા વિના કોઇ ન મળ્યું. છતાં એટલું ઠીક થયું કે બહારગામથી ચોમાસાની સેવા માટે વર્ષોથી ચાલતા આવતા રિવાજ પ્રમાણે તેમના સંસાર-પક્ષના વડિલ મહારાજ વગેરે સાજન-મહાજન આવી ગયું. અમદાવાદથી × × આવ્યા અને કહે છે કે મુંબઇથી નાસી છુટેલા સુગ્રીવવિજયજી પણ મુલાકાત કરી ગયા. આ શ્રીમાન સુગ્રીવે બરાબર પર્યુષણના દિવસોમાં દેરાસર પાસે આવી શેઠ પોપટલાલનું ઠેકાણું પૂછ્યું. તાજું જ માંથુ મુંડેલ અને ચશ્મા ચઢાવેલા તેમના દેખાવે જ ઓળખાવી દીધા. તેઓ બે દિવસ શેઠને ત્યાં રહ્યા. દરમિયાન અનેક પડયંત્રો રચાયાં હોય તેમ જણાય છે. આ બધા પડદા પાછળના પ્રપંચો ખુલ્લા પડશે એટલે જગત જોશે. ઉપરના લખાણ ઉપરથી સૌને માલુમ પડશે કે ભુતપૂર્વ સુગ્રીવવિજય તરફથી લખાએલો પત્ર કેવા સંજોગોમાં લખાયો હશે અને કોની પ્રેરણાથી લખાયો હશે, લાલબાગથી દોરી સંચાર જામનગર થાય, જામનગરના ધર્મીઓ આવો પત્ર લખાવે!!! યંગમેન્સ સોસાઇટીની જાળ નો આ તો નાદર નમુનો છે.

## સુચનાઓ.

### આવતો અંક વી. પી.

(૧) આ પત્રિકા ચાર માસ માટે શરૂ થઇ છે. લવાજમ બાર આના.

(૨) ગ્રાહકોએ પોતાનું લવાજમ તારીદે મોકલી આપવું. ગ્રાહક ન રહેવા ઇચ્છનારે પ્રથમથી જણાવી દેવા વિનંતિ કરવામાં આવે છે.

(૩) પત્રિકા સબંધી સઘળો પત્ર વ્યવહાર નીચેને સરનામે કરવો ( જમનાદાસ અમરચંદ ગાંધી, ૧૮૦ વસીવાભલ બીલ્ડીંગ જકરીયા મસજીદ, મુંબઇ.)

(૪) ભાવનગરના અમારા એજન્ટ વડીવાળી મણીલાલ વેલાભાઇ ઠે. હેરીસ રોડ.

---

આ પત્રિકા ધનજી સ્ટ્રીટમાં આવેલા જૈન ભાસ્કરોદય પ્રેસમાં મનસુખલાલ હીરાલાલે જમનાદાસ અમરચંદ ગાંધી માટે છાપી, અને તેણે જૈન યુવક સંઘ માટે પ્રીન્સેસ સ્ટ્રીટ મનહર બીલ્ડીંગમાંથી પ્રસિદ્ધ કરી. મુંબઇ, નં. ૨